ભાઇ પરમાનંદ.

યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.


# મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.


તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું. અંક ૪૮ મો. | સંવત ૧૯૮૭ ના માગશર સુદી ૧૧. તા૦ ૧-૧૨-૩૦ | છુટક નકલ: ૦॥ આનો.


શ્રી. મણીલાલ કોઠારી



બ્રિટીશ હિન્દુસ્થાનની હદપાર થવાનું પહેલું માન મેળવનાર વીર.

શ્રી. ફુલચંદ ઝવેરી



ઝવેરી ધરમચંદ ઉદયચંદના પૌત્ર સુરત સંગ્રામ સમિતિના મંત્રી, "જવાહર ડે" ના દિવસે જેલ મેળવનાર ઝવેરી.

શ્રી. નવલમલ, ફીરોદીયા



તેઓ મુંબઇમાં સાયન્સનો અભ્યાસ કરતા હતા. એકાએક રાષ્ટ્ર આઝાદીની તમન્ના એમના દીલમાં જાગી અને અભ્યાસને તીલાંજલી આપી અહમદનગર જીલ્લાના ગામડાઓમાં પ્રચાર કરતા થોડા વખત ઉપર મુંબઇથી તેમની આગેવાની નીચે ખાસ ટુકડી લઇ ગયા અને અહમદનગરે જવાહર ડેના દિવસે પહોંચ્યા. ત્યાં ભાષણ ન કરવા પોલીસ તરફથી મનાઇ હુકમ મળ્યો, તેની સામે એક સત્યાગ્રહીને છાજે તેવી રીતે મનાઇ હુકમનો ભંગ કરી ભાષણ કર્યું. તરત તેમને ગીરફતાર કરવામાં આવ્યા ને સજા થઇ. શ્રી જુન્નેર કોન્ફરન્સમાં ત્રણ ફીરકાની એકયતા ઉપર ભાષણ કરનાર શ્રી. કુન્દનમલજી ફીરોદીયાના તેઓ સુપુત્ર છે.

શ્રી. પરમાનંદ કાપડીયા



"જવાહર ડે" ના દિવસે ગીરફતાર થઇ સાત માસની સખ્ત સજા મેળવનાર યુવકનેતા.

શ્રી. કીર્તિલાલ ભણસાળી



ધરાસણાની ધાડમાં ૭ માસની જેલ ભોગવી છુટા થયેલ વીર.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥
श्रीमद् हरिभद्रसूरि.

# ભાઈ પરમાનંદ.

તેમને ઓળખાવવાની શી જરૂર? ભાવનગરના સુપ્રસિદ્ધ કુટુંબના એક નબીરા, જૈન સમાજમાં મહેતાજી તરીકે મશહુર થયેલા શેઠ કુંવરજી આણંદજીના આપુત્ર રત્નને સર્વ કોઇ જાણે છે. ધર્મચુસ્ત કુટુંબના આ ધર્મોપાસક વંશજને—આ કેળવાયેલા હીરાના વ્યાપારીને, તાજેતરમાં ઇન્ડીઅન મરચન્ટસ ચેમ્બરને હચમચાવનારને અને મુરબ્બીને હાંકી કરનારને સમગ્ર સમાજ પીછાણે છે.

ભાઇ પરમાનંદ એટલે એક હસમુખો અને સાદો, સમભાવી અને શાંત, સૈદ્ધાંતિક સમાજસેવક. લખતાં, બોલતાં અને કામ કરતાં શરમને નહીં ગણનાર, નિખાલસતા અને નીડરતાથી ભરપુર, સ્પષ્ટ વિચારક, અને જડ્ડોને પણ ડહાપણ આપનાર, સાધુઓને પણ સાચી સાધુતાના પાઠ આપનાર.

જૈન કોન્ફરન્સની કન્વેન્શનની અને દેહલી બેઠક વખતે, અનેક યુવક પ્રવૃત્તિઓમાં તેમજ સાર્વજનિક અને રાષ્ટ્રિય હીલચાલોમાં વિશાળ ધર્મભાવનાવડે સમાજને દોરવનાર, કેળવણીના પ્રશ્નોમાં રસ લેનાર દેવભક્તિ, દેવદ્રવ્ય વિ. અનેક વિષયોને છણનાર, અહિંસાને સૂક્ષ્મ રીતે પાળનાર, દ્વેષભાવને તિલાંજલી આપનાર, શ્રી મહાવીર જૈન વિદ્યાલયની સાચી ઉન્નતિમાં અગ્ર ભાગ લેનાર, સ્ત્રીઓનાં સ્વમાન જાગવનાર અને સર્વેને સરખી રીતે પરમ આનંદ આપનાર ભાઇ પરમાનંદ, તમને અમારાં અનેકશ: ધન્યવાદ છે. તમારા આત્મ ભોગથી—સાચા ધર્મથી તમે સ્વકુળ, જૈન સમાજ અને સમસ્ત હિંદને દીપાવેલ છે. તમારી રાષ્ટ્ર સેવાને અમારાં હૃદયનાં અભિનંદન છે.

ભાઇશ્રી પરમાનંદને—

આખરે ભાઇ પરમાનંદ શાહી મહેલના અતિથિ થયા. એ રાષ્ટ્રના મુંગા સેવક હતા. મહાત્મા ગાંધીજીની પહેલી ચળવળ સમયે એમણે વકીલની ડીગ્રી મેળવેલી. કાકા કાલેલકર સાથે એમની મિત્રતા રહી એટલે ગાંધીજીના સિદ્ધાંતનું પાન મૂળથી કરનાર તે કઇ રીતે વકીલાત કરી શકે? આમ આપ્ત કરેલ પદવીનો મોહ ત્યજી એમણે ઝવેરાતના વેપારમાં ઝુકાવ્યું. ટુંક સમયમાંજ હીરાના વેપારી તરિકે એમની કારકિર્દી ઝળકી રહી. ભાઇ પરમાનંદ 'यथा नाम तथा गुणा' એ વચન અનુસાર સર્વ કોઇને 'પરમ આનંદ' આપનારજ છે. ભલભલો વિરોધી પણ તેમની સાથેની વાર્તાચિતમાં ગરમ બની આવેલ છતાં શાંત બની જતો. એ ગુણ—પરમાનંદની વાણીમાં છે,—મૃદુ સ્વરે, ધિરજથી વાત કરવાની પ્રવૃત્તિમાં સમાયેલો છે. વકતૃત્વશક્તિ અને લેખનકળા એ ભાઇને શરૂથી વરેલા છે. એથી તો જૈન-જૈનેતર સમાજમાં પરમાનંદે આટલી ખ્યાતિ મેળવેલી છે. હીરાના વેપાર અર્થે મદ્રાસની મુસાફરી કરનાર પરમાનંદે એ સંબંધી, ત્યાંના વતનીઓની રીતભાત સંબંધી જે મનન કરવા લાયક લેખ 'કુમાર' માસિકમાં લખ્યા છે એ વાંચી ભાઇશ્રીના અભ્યાસ ને સાહિત્ય પ્રેમ માટે માન ઉપજ્યા વિના ભાગ્યેજ રહે!

જૈન સમાજમાં એમણે શ્રી. કુંવરજીભાઇના નબિરા કરતાં, જૈનધર્મ પ્રકાશમાં 'આધુનિક જૈનોનું કળાવિહિન ધાર્મિક જીવન' એ નામના લેખના લેખક તરિકે વધુ પિછાને છે. ભલે એમના વિચાર સાથે મતફેર સંભવે છતાં એ લેખ લખી એમણે વર્તમાનકાળના જૈનોની મનોદશાનો સાચો ચિતાર રજુ કરેલ છે. અભ્યાસવિહુણા ધર્મજનુની બંધુઓને બાજુપર રાખી જેઓને બુદ્ધિપુર:સર વિચાર કરવાની શક્તિ છે. એવાઓને આજે પણ એ લેખ સંપૂર્ણપણે વાંચતાં એમાં રહેલા રહસ્યની અને એના લેખકમાં વાસ કરી રહેલ અજબ અવલોકન શક્તિની ઝાંખી અવશ્યમેવ થવાની

ભાઇ પરમાનંદને ભારત વર્ષની જૈન જનતામાં ઘરોઘર ને આબાળ વૃદ્ધ પ્રસિદ્ધ કરનાર વ્યક્તિમાં શ્રી રામવિજયજીનું નામ ભુલી શકાય તેમ નથી. એમના લખાણ અને વિચાર સામે આંખો મીંચીને ક્રુસેડ (ધર્મ યુદ્ધ) કરનાર એ અગ્રણી સાધુ (?) છે. એમનો આશય ધર્મના નામે ભાઇ પરમાનંદપર હુમલો કરી, એ રીતે ધર્મી વર્ગને ઉશ્કેરી મેલી, ભાઇ પરમાનંદને નાસ્તિક—અધર્મી ઠરાવી સંઘ બહાર કરાવવા સુધીનો હતો પણ સત્યને આંચ આવતી નથી એ ન્યાયે શ્રીમાનની વાતને કેટલાક ગાડરીયા ભક્તો સિવાય કોઇએ ટેકો ન આપવાથી, એમની ભાવના વંઘા નિવડી છે અને પરિણામ એ આવ્યું કે ભાઇ પરમાનંદને ઓળખનાર ને જાણનારનું વર્તુળ અતિ વિસ્તૃત બન્યું છે. એમના લેખો પુસ્તકાકારે પ્રસિદ્ધ થયાં અને સર્વ ભોગ્ય બન્યા. પરમાનંદના જેલ જતાં સુધી એ ગેરેજીરો વાતવાતમાં એમનાપર મનમાનતા વાકૂ પ્રહારો કરતાં અને છડેચોક કહેતાં કે 'ગાંધીજીના નામે મોટી મોટી વાતો કરનાર કેમ પરમાનંદ જેલમાં જતાં નથી?' એ આડંબર પ્રિય બંધુઓ આ મુક સેવકને ક્યાંથી ઓળખી શકે? વિલેપારલેમાં પરમાનંદ મુળથીજ આગેવાન કાર્યવાહક હતા. પણ સમય આવ્યા વિના જેલ ભરવાથી શું લાભ! એ ભાઇ ગાજનાર નહિં પણ કામ કરનાર છે ગમે તેવા તીખા શબ્દોની ઝડી વરસે અને ઉકળાટના મોજા જાગે એ ભાઇ હૃદયનું સમતોલપણું જાળવી શકે છે અને સમતાનું સુખ અનુભવી શકે છે. આ વાતને નહીં સમજનારા પ્રેમકાભાઇઓ મરજી માફક લખે તેમાં શું નવાઇ? હવે તેમને નજર સામેનું કાર્ય નિરખી માથું ખંજવાળીજ છુટકો. પરમાનંદ તો સાચો રાષ્ટ્ર સેવક હતો અને છે પણ પોતે દંભી હતા એ કડવો ઘુંટડો ગળે ઉતારવાનો રહ્યો.

જૈન યુવક સંઘના એ સુત્રધારને સમાજ-રાષ્ટ્રના એ સેવકને અમારા સાચા અભિનંદન! યુવક સંઘની પ્રવૃત્તિઓ ભાઇ પરમાનંદ વિના સુની લાગવાની અને યુવક સંઘના સુકાનીઓને તેમના વ્યક્તિત્વની ઉણપ સાલવાની પરંતુ યુવક સંઘનું સુકાન જેઓના હાથમાં છે, તેઓની ફરજ હવે બેવડાય છે, એ પણ આપણે વિચારવાનું છે.

અંતમાં એટલીજ પ્રભુ પ્રત્યે પ્રાર્થના કરીએ કે રાષ્ટ્રની સેવા કરતાં જેલ મહેલના અતિથિ બનાર ભાઇ પરમાનંદ આપણી વચ્ચે સત્વર પાછા આવી પુન: સંઘના સુકાની બની આપણું કાર્ય આગળ ધપાવે અને રાષ્ટ્રની સેવા કરી જૈન સમાજને દિપાવે.

# મુંબઇ જૈન યુવક સંઘ તરફથી જાહેર સભા.

## પરમાનંદ કાપડીઆને અભિનંદન.

### શ્રી જમનાદાસ એમ. મહેતા અને શ્રીમતી કાન્તાંબ્હેન વિગેરેનાં સુંદર વિવેચનો.

### જૈન યુવકોએ સ્વદેશીનું કાર્ય ખૂબ જોરથી ઉપાડી લેવું જોઇએ, ત્યારેજ ખરૂં અભિનંદન આપ્યું ગણાય

મુંબાઇના જૈનયુવક સંઘ તરફથી શ્રી. જમનાદાસ માધવજી મહેતાના પ્રમુખપણા નીચે શ્રી. પરમાનંદ કુંવરજી કાપડીઆને અભિનંદન આપવા એક જાહેર સભા મુંબઇ માંગરોળ જૈન સભાના હોલમાં શુક્રવારે તા. ૨૮-૧૧-૩૦ ના રોજ (સ્ટાં ટા) આઠ વાગે મળી હતી જે વખતે હોલ જનતાથી ચિકાર ભરાઇ ગયો હતો. શરૂઆતમાં પ્રમુખસ્થાને શ્રીયુત્ જમનાદાસ મહેતા બિરાજ્યા બાદ ભાઇ મણિલાલ જયમલે વંદેમાતરમનું ગીત ગવરાવ્યું હતું અને સભાએ ઉભા થઇને રસપૂર્વક ઝીલ્યું હતું. બાદ પ્રમુખશ્રીએ કહ્યું કે સદ્ગૃહસ્થો, પ્રમુખ તરિકે મને આજે આપ સર્વેએ જે માન આપ્યું છે તે માટે આપ સર્વનો આભાર માનું છું. ભાઇ પરમાનંદને જેલ મળી તે બદલ અભિનંદન આપવા આપણે એકઠા મળ્યા છે. આજે જનતા જાગૃતી થઇ ગઇ છે કે જેની સાથે પોલીસ આવ્યો એ જરૂર દેશભક્ત હોવો જોઇએ. આજે પોલીસનો ડર કે જેલની ભીતિ રહી નથી. હવે શ્રીયુત્ કાપડીઆના સંબંધમાં જે ઠરાવ રજુ કરવાનો છે તે માટે હું મી૦ ખરોડીઆને વિવેચન કરવા આમંત્રણ કરીશ.

આપણું આજનું કાર્ય શ્રી પરમાનંદને અભિનંદન આપવાનું છે. એ ભાઇને માટે ભાગ્યેજ કોઇ પણ યુવાનને માન ઉપજ્યા વગર રહેવાનું. તેમનું જીવન સાદું અને ચ્હેરો સદા આનંદિત, એવણ સ્પષ્ટ વકતા, સ્વતંત્ર વિચારક ને નિડર વકતા ને ઉત્તમ પ્રકારના લેખક છે. કોન્ફરન્સ સમયના તેમના વિવેચનો એ વાતની સાક્ષી પુરે છે. દેવદ્રવ્ય જેવા વિષયમાં તેમને સ્વ વિચારો બહાર પાડવામાં જે હિંમત દાખવી છે તે માટે સૌ કોઇને માન ઉપજે તેમ છે. જુન્નેર કોન્ફરન્સ વેળાએ તેમણે બંધારણ સબંધી કલમ ફેરવવા સારૂ તેમણે સબજેક્ટ કમિટિ અને ખુલ્લી બેઠકમાં જે લડત ચલાવી તે જોતાં તેમણે જે નિડરતા દેખાડી આપી છે તે સૌ કોઇને વિદિત છે.

કેળવણી તેમજ ધાર્મિક વિષયમાં તેમનો ફાળો પ્રશંસનીય છે. યુવક સંઘ માટેની તેમની સેવા સારી રીતે જાણીતી છે. રાષ્ટ્ર સેવામાં તેમણે વીલેપારલેમાં શરૂથી ભાગ લીધો છે અને એનું જે પરિણામ આવ્યું છે તે આજે આપણે બધા જાણીએ છીએ. એ રીતે વિવેચન કરી મી૦ ખરોડીઆએ નીચેનો ઠરાવ મુક્યો હતો.

મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિના સભ્ય; જૈન સુધારક અને શ્રી વિલાપારલા મહાસભા આશ્રમ સમિતિના સરમુખત્યાર શ્રી. પરમાનંદ કુંવરજી કાપડીઆ, બી. એ. એલ. એલ. બી. જેઓને દેશસેવા કરતાં જેલ મળી, તે બદલ આ જાહેર સભા તેમને હાર્દિક અભિનંદન આપે છે.

#### મોહનલાલ દી. ચોકસી

પરમાનંદભાઇ જો કે શેઠ કુંવરજી આણંદજીના પ્રખ્યાત કુટુંબના નબિરા છે છતાં જૈન સમાજ તેમને સ્વતંત્ર લેખક તરિકે વધુ ઓળખે છે. તેમની અવલોકનશક્તિ અને અભ્યાસકથન એ એમના જૈન ધર્મપ્રકાશમાં આવેલા આધુનિક જૈનોનું કળાવિહીન ધાર્મિક જીવનવાળા લેખ વાંચવાથી સહજ ભાન થાય તેમ છે. તેમના વિચારો સાથે ભલે મતફેર હોય એથી તો વ્યક્તિત્વ અંકિત થાય છે. એમની સ્પષ્ટ લેખનકળા સામે સાધુવર્ગનો એક હડવર્ગ ઉશ્કેરાયલો છે એથી ભાઇશ્રીની ખ્યાતિમાં વધારો થયો છે. રાષ્ટ્ર સેવા અર્થે તો ભાઇ પરમાનંદે તાજી પાસ કરેલી બી. એ. એલ. એલ. બી. ની ડીગ્રીને છોડી દીધી અને તદ્દન નવી સાદાઇ અંગેરાતની સ્વીકારી. એ રાષ્ટ્ર સેવામાં ત્યારથીજ રંગાયલા મુંગા સેવક હતા. એમનું અભિનંદન આપણે એમના જેવા ભોગો આપીનેજ કરી શકીએ.

#### અમીચંદભાઇ

સામાજીક કુરૂઢિઓ સામે બળવો જગાડનાર બળવાખોર ભાઇ પરમાનંદ યુદ્ધનું રણશિંગુ વાગતાંજ લડવૈયા તરીકે બહાર આવ્યા. શાંતિથી સામાજીક હૃદયને જીતી લેવાનું કાર્ય એ ભાઇને માટે સહજ હતું. ભારત માતાની મુક્તિ માટે સમરાંગણ ચાલતો હોય તે વેળા સામાજીક પ્રશ્નોને સંભાળવાના ન હોય પણ ભારત માતાના ચરણે આપણાથી ધરાતું હોય તે અર્પ ધરી દેવું ઘટે' એ ભાઇ પરમાનંદના શબ્દો છે એ રાષ્ટ્રના મુંગા સેવક હતા. ચળવળની શરૂઆતથી કામ કરનાર એ બંધુ આજે જેલ મહેલમાં જવાથી વિશ્રામની હકની રજાઓ પ્રાપ્ત થઇ. પરદેશી વસ્તુને અડવું તે પ્રેગના ઉંદરને સ્પર્શ કરવા બરાબર છે. આજે શું પરદેશી વસ્તુ ખરીદવાનો સમય છે? જે સારૂ હજારો દેશનેતાઓ અને કુલીન સન્નારીઓ સંકટો સહન કરી રહી છે તે વેળા આપણે પરદેશીનો મોહ છોડવા જેટલી પણ પ્રતિજ્ઞા ન કરી શકીએ? મોહનલાલ પાનાચંદે ભાઇશ્રી પ્રરમાનંદને અભિનંદન આપતાં એમની નિડરતા અને સ્વતંત્ર વિચારક શક્તિ માટે વિવેચન પછી મણીલાલ મ. શાહ અને મનસુખલાલે વિવેચન કર્યું હતું.

કાન્તાબ્હેન ખાંડવાળા

જે ભાઇને અભિનંદન આપવાનું છે તેમનું જીવન સાંભળીને મને પણ ઘણો આનંદ થાય છે કેટલાક એવા પણ છે કે જેમને આ વખત જેલમાંજ જીવન જીવવાની શરૂઆત કરી છે. પણ આ વકીલાતનું જીવન દોષિત ને કાવાદાવાભર્યું લાગ્યું એટલે શરૂથીજ મુકી દીધું એટલે એ વધારે અભિનંદનને પાત્ર છે. રૂઢિના બંધનો એ જેલની બેડીઓ કરતાં પણ વધારે તીવ્ર છે. યુવકોમાં જે ચેતના એ ભાઇએ પ્રેરી છે તે જોઇ આજે આપણને વધુ આનંદ થાય છે. આજે જ્યારે કોમની સભા છે ત્યારે એટલો તમો નિશ્ચય કરો કે તમારી સમાજમાં દેશી વસ્તુ વાપરવાનું કહેણ ઘરોઘર પહોંચાડો. રાષ્ટ્રની ચળવળનો આધાર દેશીના પ્રચાર ઉપરજ છે. પરમાનંદભાઇના ખરા અભિનંદન કરનારે ખાદી પરિધાનમાં હલકાપણાનો વિચાર ન કરવો ઘટે.

બધા ભાઇઓ અને બ્હેનો વીર બની આજેજ લડાઇમાં જોડાવ અને દેશને સહાયક બનો નહિંતર તમારૂં જીવતર એળે ગયું સમજજો.

પ્રભુભક્તી

મારે અન્ય સ્થળે જવાનું છે. પરમાનંદભાઇ માટેના ગુણગાન સબંધીની આશા ફળીભુત થઇ એમનું જીવન સર્વાંગી હતું. આજથી તેમના કાર્યથી, પુત્ર વડે કુળની ઓળખાણ થવાની. અભિનંદન આપનારાની સંખ્યા કરતાં લેનારાની એટલી બધી વધી જશે કે આપણે ક્યા શબ્દો વાપરવા તે વિચારવાનું રહેશે. કેમકે એવો સમય આવવાનો છે. એ માટે આપણી સરકારનો આભાર માનવો રહ્યો. મહાત્મા ગાંધીજીની ચળવળ સમસ્ત જગતનું ધ્યાન ખેંચી રહી છે તેનું મુખ્ય કારણ એ છે કે સત્ય સમજ્યા પછી એને માટે પ્રાણ કુરબાન કરવાની તૈયારી હોય તેમાંજ એનું રહસ્ય સમાયેલુ છે. ચોમાસુ શરૂ થાય એટલે સૌ કોઇનું ધ્યાન મુંબઇ તરફ પડે વેપારીઓ વેપાર કરવા આવે અને મોટા સાધુ સતો મોક્ષ વેચવા આવે. શું ગામડામાં અજાણ જીવોને બોધ આપવાનો નહોતો? એવી રીતે વેચવા આવનારો કેવળ ધન મેળવવા આવે છે. મહાત્મા ગાંધીજી એ સત્ય ને અહિંસા માટે જાતે વેચાયા છે, માટે આજે જગત તેમના પ્રત્યે આકર્ષાયેલ છે. એ સંતનું જીવન પ્રેરણામય છે.


---

## આટલું તો કરવુંજ ઘટે.

વર્તમાન કાળે સમાજે અગર ન્યાતો મુખ્ય રીતે કેવળ કલેશ કંકાસના કામોમાં સામર્થ્ય અને ધનનો દુરૂપયોગ કરતી દ્રષ્ટિગોચર થાય છે. એમાંથી હવે તો એણે હાથ ધોઇ નાખવાજ જોઇએ. સમાજના આગેસરો જરા વિવેક વાપરી દેશકાળ તરફ દ્રષ્ટિ દોડાવે, રાજ્ય કરતી પ્રજાના સંગઠન તરફ ધ્યાન આપે, અને હાલના તબક્કે વિખરાયેલી શક્તિને એકત્રિત કરી શું કરવાની જરૂર છે એનો નિર્ણય કરે તો સમજુ ગણાતા વર્ગમાં એ જ્ઞાતિ સંસ્થા તરફ જે તિરસ્કારના બીજારોપણ થઇ રહ્યા છે તેનું ઉન્મુલન થશે અને દેશની મુક્તિ સાધવામાં ઉક્ત સંસ્થા એક પ્રબળ સાધનરૂપ થઇ પડશે.

એક ખાદી પ્રચારનો પ્રશ્નજ લઇએ, પ્રત્યેક સમાજે એને અપનાવી લેવાનું ઉચિત ધારે તો શું આજે એ ચીજ

### શ્રી. મનુભાઇ ઝવેરી



કોંગ્રેસ બુલેટીનના તંત્રી,
જેમને સાડા તેર મહીનાની સજા થઇ છે.

ઘરોઘર વપરાતી ન બની શકે કે? જૈનો માટે ખાદી એ કેવળ દેશ દાઝનો પ્રશ્ન નહિં પણ અહિંસાની દ્રષ્ટિથી એનાં ધાર્મિક સવાલ પણ છે. પરદેશી કપડા વાપરવાથી યાંત્રિક હિંસાના ભાગીદાર થવાપણું દરેક જૈન માટે છેજ. ત્રસ જીવોની હિંસાનો જેવો સંભવ યંત્રપરના કાપડમાં છે તેવો ચરખે તૈયાર થતાં ખદરમાં નથીજ. જૈનો એકે દેશે તૈયાર થતી વસ્તુ વાપરવામાં પુન્ય યાને ધર્મ નથી માનતા શું? જો જ્ઞાતિ નાયકો અન્ય પ્રકારના કાયદાઓનું પાલન જ્ઞાતિજનો પાસે પળાવી શકતા હોય તો દેશ અને ધર્મ માટે આટલું કરવું એ તેઓ માટે સહજ છે. દેશની ચળવળમાં રંગાયેલા સંખ્યાબંધ નરનાર્ એ આજે જ્યારે સ્વેચ્છાપૂર્વક ખાદી ધારણ કરી દેશના કરોડો નિરાધારને આજીવિકાનું સાધન પુરૂ પાડવાના નિમિત્તભુત બની રહેલ છે એ કાળે સમાજને સામાન્ય પ્રકારના નિયમ કરવા માત્રથી આ ચળવળને પુર્ણ જોર મળવાનો ચોક્ખો સંભવ છે.

દેશના ઉદયમાં પ્રત્યેક સમાજનો ઉદય સમાયો છે એ સુત્ર જો યથાર્થ રીતે સમજાયું હોય તો આ કાર્યમાં જૈનોના પ્રત્યેક ફિરકાએ અને એમાં સમાયેલી દરેક જ્ઞાતિઓએ ખાદીને અપનાવી લેવાનો સવાલ ઉપાડી લેવો જોઇએજ.

ખાદીમાં આજે સંખ્યાબંધ તરેહ ને જાતો તૈયાર થાય છે. આજે તે પહેલાના જેવી અતિ જાડી ને ખરબચડી નથી રહી. એમાં તો ઘણો ઘણો સુધારો થઇ ચુક્યો છે અને ચાલુ થવાજ કરે છે. આજે એની કિંમત સામાન્ય માણસને પણ પોષાય તેમ છે. અલબત, સુખશિલિયાપણાવાળાને તે ન રૂચે તો જુદી વાત છે. જો આજે એટલા કષ્ટને પણ સહન કરવામાં કાયા ગળી જતી હોય કિંવા પોઝીશનને બાધ નડતો હોય તો ઉઘાડા શરીરે પ્રભુશ્રી વીર માફક સંખ્યાતીત ઉપસર્ગોનો સામનો શી રીતે કરશો એનો કંઇ વિચાર કર્યો છે? વીરના સંતાનો તત્વ સમજતા થાવ. તમારા ઘરની વસ્તુને પિછાનો, અને સારી સમાજમાં એનો પ્રચાર કરી અન્યને ઉદાહરણરૂપ બનો.

## શ્રી

## ?

અણદીઠાંને દેખવા, અણનમ લેવા તાગ;
સતની સીમો લોપવા, જોબન માંડે જાગ.

* * *

ભાઈ પરમાનંદ એટલે ?—

આ પ્રશ્નનો જવાબ થોડાજ શબ્દોમાં આમ આપી શકાય:

'यद्यपि शुद्धं लोकविरुद्धं न करणीयं न आचरणीयं' એ નિરંતર શિખામણ રૂપે ધરવામાં આવતા સૂત્રના પ્રયોગની પાછળ રહેલી મનોદશા સામે યુદ્ધના મોરચા માંડનાર જૈન જગતનો એક 'બંડખોર યુવાન!'

—ભાઈ પરમાનંદને પ્રથમ દ્રષ્ટિએ ઓળખી લેવાનો દાવો કરનાર આ અભિપ્રાય સાથે સંમત નયે થાય. પણ એટલું નોંધી લેવાય કે:

"શાન્ત જણાતા સાગર નીચે વડવાનળ નજ હોય એમ માનવું એ માત્ર કુદરતની અવગણનાજ છે."

* * *

ભાઈ પરમાનંદ એટલે કળાપ્રિય આત્મા: કળાવિહીનતા એમને ખૂંચે છે એમ નહી—એમને ડંશ દે છે. એટલેજ એમનો આત્મા માત્ર પોકાર નથી કરતો પણ એમને બંડ કરવા પ્રેરે છે.

—'આધુનિક જૈનોનું કળાવિહીન ધાર્મિક જીવન' એ લેખ એનો સચોટ અને પ્રત્યક્ષ પુરાવો છે.

* * *

ભાઈ પરમાનંદ એટલે સ્વતંત્ર વિચારક અને નિડર સુધારક: શબ્દ બ્રહ્મના ઉપાસક—સાક્ષર અને વક્તા:

—એમનો કોઇ પણ લેખ કે કોઇ પણ પ્રસંગે એમણે આપેલું ભાષણ તપાસી જાવ. એમાં તમને એમની સ્વતંત્ર વિચાર શ્રેણીનાં સ્પષ્ટ દર્શન થશેજ. કોઇ પણ વિષય કે પ્રસંગ પરત્વે એમને ભૂતકાળના આધારો શોધવાના કે ટાંકવાના નથી હોતા. તેઓ તો ભૂતકાળમાંથી પ્રેરણાનાં અમૃત પી, પચાવીને આપણી સમક્ષ એમની સુંદર અને વિશિષ્ટ એવી સમીક્ષક શૈલીમાં, સૌમ્ય અને મધુર શબ્દોદ્વારા સ્વતંત્ર વિચારોનો પ્રવાહ રેલાવે છે. આપણી આસપાસ ચેતનમય વાતાવરણ ઊભું કરે છે અને અંતરમાં કોઇ અનેરી ભાવના ભરી, મીઠાશથી આપણને તેમના દ્રષ્ટિબિંદુથી વિચાર કરવાની ફરજ પાડે છે. સમાજના કોઇ પણ સળગતા પ્રશ્ન પરત્વે ઉગ્રમાં ઉગ્ર વિચારો આપતાં મગજ પરનો સહેજ પણ કાબુ ગુમાવ્યા સિવાય તેમને જે કહેવાનું છે તે તે કહેજ જાય છે. અને એ રસ પ્રવાહમાં તણાતા વાચક કે શ્રોતાના હૃદયમાં પોતાને જે કહેવાનું છે તેની આબાદ છાપ પાડી દે છે. કારણ કે એમની દલીલ કેવળ દલીલ નથી હોતી. પણ તેમાં વિચાર મંથનને અંતે મેળવેલું સત્ય આરોબાર ભરેલું હોય છે.

* * *

ભાઈ પરમાનંદ ભલે કદાચ મમતાળુ મિત્ર બહુ થોડાના હશે. પણ એમના સહવાસમાં આવનાર કોઈ પણ વ્યક્તિ સાક્ષી પુરશે કે એ સહૃદય સ્નેહી તો સૌ કોઇના થઇ શકે છે.

પ્રથમ દ્રષ્ટિએ ભાઇ પરમાનંદ જરા અતડા લાગે. પણ અનુભવે એ ભાઇમાં જ્ઞાનનું ઘમંડ કે લક્ષ્મીનો મદ નથી, એની ખાત્રી આપવી પડે એટલા તેઓ નિખાલસ, મળતાવડા અને આનંદી છે.

—અને માર્મિક વિનોદ એ તો કદાચ એમને સ્વભાવ સિદ્ધ હશે એમ કહી શકાય.

* * *

ભાઇ પરમાનંદને પીછાણનારા જુના જોગીઓ કહે છે કે: 'તેઓ જરુર ભાવનાવાદી છે.' જૈન સમાજ–કદાચ આખો નહીં તો મોટો ભાગ–એ માનવાની ગઇ કાલ સુધી ના પાડતો હતો. જુના જોગીઓ કહે છે:

"ધારાશાસ્ત્રીની પરિક્ષા પાસ કરી પણ શરૂઆતમાંજ એ ધંધામાં એમને નૈતિક દ્રષ્ટિએ કળાવિહીનતા દેખાઇ. તેઓ પાછા ફર્યાં અને હીરાનો વેપાર સ્વીકાર્યો."

"જુના વિચારો સેવનારાઓનો રોષ વ્હોરી લઇ રૂઢીની બેડીઓ પોતે તોડી નાખી અને બીજાને તોડી નાખવાની સક્રીય પ્રેરણા લેખન અને વાણીદ્વારા આપી."

"દેશી રાજ્યોના જુલ્મની ઝઝુમતી તલવારના ભયની પરવા કર્યા સિવાય કા. રા. પરિષદને સફળ બનાવવામાં પોતાની ફરજ બજાવી."

"ધાર્મિક ક્ષેત્રનો ઇજારો લઇ બેઠેલાઓને પણ ઘડીભર સ્થંભાવી દે તેવું ક્રાન્તિનું એક જબ્બર મોજુ જૈન સમાજમાં લાવવાનો પ્રયત્ન આદર્યો—અંશત: સફળતા પણ મેળવી."

—અને આપણે ઉમેરીએ કે—"એમણે આપેલો આત્મભોગ જોયા પછી એમને સાચા ભાવનાવાદી નહી માનનારાઓને ગઇ કાલનો અભિપ્રાય આજે ફેરવવોજ પડશે—જો તેઓ અંતરના સાચા હોય તો.

* * *

અને આમ ગંભીરપણે આકરા ડગલાં ભરતા ભાઇ પરમાનંદે શાન્તિ ગુમાવ્યા સિવાય પોતાને શું કહેવાનું છે તે દલીલથી સમજાવવાનો પ્રયત્ન કરી, મૌન રહેવાથી સામા પક્ષની ઉદ્ધતાઇને, અવળચંડાઇને કે વૈર વૃત્તિને દાબી દેવામાં સફળતા ભલે ન મેળવી હોય પણ योगः कर्मसु कौशलम् એ દિશામાં તેઓ પોતે તો એક પગલું આગળ વધ્યાજ હશે એમ જરૂર કહી શકાય.

* * *

મૈયા ભારતીએ આદરેલા મુક્તિયજ્ઞના એ અધ્વર્યુંની પ્રેરણાનાં અમૃત એમણે પીધાં અને પચાવ્યાં છે એની શંકાખોરો કે ટીકાખોરોને પ્રતીતિ આપવા માટે નહી પણ 'આઝાદીના આ લડતમાં પોતાનાથી બનતો બધો ફાળો આપવાની દરેકની ફરજ–ધર્મ છે.' એ ભાવના પ્રેર્યા તેઓ આ લડતમાં જોડાયા. અને આઠ માસ પર્યન્ત મૌનપણે સતત કર્તવ્ય પરાયણ રહી કરેલી સેવાના બદલામાં મુક્તિ મંદીરમાં સાત માસ પર્યન્ત વાસ કરવાનો પરવાનો મેળવ્યો–કહો કે 'આ વિશાળ કેદખાનામાંથી' મુક્ત બન્યા.

* * *

ભાઇ પરમાનંદના જીવન પન્થે પ્રકાશ પાથરી તેમને દોરનાર 'એ પ્રેમલ જ્યોતિ' આપણને પણ પ્રકાશનાં દાન દઇ એ માર્ગે દોરો એજ પ્રાર્થના!

28/11/30 — FEDIST.

## ચાલુ વર્ષના લગ્નોત્સવો ને આપણી ફરજ.

(લેખક: આર. સી. કોઠારી.)

ભાવિ નવદંપતીઓને!

આપ સૌના લગ્ન નજીક આવે છે. આપ સૌ કોઇ સમજી શકો છો, કે સારોએ દેશ આજે રાષ્ટ્રની આઝાદી માટે ઝંખી રહ્યો છે, અનેક જૈન ભાઇ બહેનો કારાગૃહમાં દેશ ખાતર ગયા છે, અને જાય છે. રાષ્ટ્રપતિ જવાહિર જેવા અનેક મોંઘાં બલિદાનો અપાયાં છે. ભારતનો સાચો સંત યરોડાની દીવાલોમાં પુરાયો છે. એવા કટોકટીના વખતે લગ્નોમાં આપણે ધામધુમ ન ઉજવી શકાયે. ખુબ સાદાઇ ને શુધ્ધ ખાદીમાંજ આપણા જીવનનો મહામુલો પ્રસંગ, લગ્ન ઉજવીએ.

દેશભરમાં લાઠી ગાજી રહી છે, અનેકનાં માથાં ફુટયાં છે, બ્હેનો રણચંડીકાની માફક પોતાનું સર્વસ્વ દેશહિત ખાતર આપી રહી છે, બારડોલી, ખેડા, બોરસદ, વિગેરે ગુજરાતના વીર ખેડુતો પોતાના વ્હાલા વતનને દેશ ખાતર છોડી અરણ્યમાં ઝુંપડાં બાંધી ટાઢ તડકા સાથે અનેક દુઃખો સેવી રહ્યા છે, તેવા વખતે મિજાનો કે લગ્નમાં મહેફીલો ન ઉડાવી શકીએ. ચાલુ સાલના લગ્નો ખુબ સાદાઇમાં કરીએ. રૂઢી અને વાહ વાહની જુઠી ટેવને પોષવા ખાતર વેડફાતા પૈસા બચાવીએ, અને તેનો ઉપયોગ સમાજહિતમાં કે દેશહિતમાં કરીએ. આટલી સાદી ને સરળ વાત ભાવી યુગલો તમે વર્તનમાં જરૂર મુકશોને?

ખાદીને અપનાવી ન હોય તો તમારા જીવનના આ અમુલા પ્રસંગથી કાયમ માટે અપનાવી લેવાનાં વ્રત લેજો. આવી **વડીલોને!** સોનેરી તક નહિં સાંપડે.

તમારા કુમારો, ને કુમારીકાઓના લગ્ન જેવા મંગળ પ્રસંગે તમને લખવાનું હોયજ નહિ! કારણ તમે સમજુ છો, મુત્સદી છો, વણીક વેપારી છો, હાલના પ્રસંગને જાણો છો! એટલે બધો વિચાર કરીને ખાદીમયજ લગ્ન કરવાના નિરધાર કર્યા હશે! તમારા જેવા વહેવાર કુશળોના રાજ્યમાં વિલાયતી માલના નામનિશાન હોયજ શાના! છતાં નબળાઇથી ઢીલ ઢીલુ થઇ જાય તો સમજાવીને મજબુત બનાવજો અને તમારી ખરી કમાઇના પૈસા પરદેશી ચીજ ખરીદ કરવામાં ખર્ચી દેશની કંગાલીયત દશામાં વધારો કરવાનું પાપ કરતા નહિ. **યુવક મિત્રો!**

વડિલો ભુલે તો પ્રેમથી સમજાવજો, તમે નવસૃષ્ટિના સર્જનહાર છો, ધારો તે કરી શકો છો, આવે પ્રસંગે લગ્નવરા ખાદીમાં થતા ફજુલ ખર્ચા પ્રસંગ મળે વિનવિને શાન્તિથી જરૂર અટકાવજો. સ્વદેશીના પ્રચાર માટે તમને તો હવે કહેવનું હોયજ નહિ! કુરડીઓ, વહેમો, ખોટા ખ્યાલોની દીવાલો તોડવા કટીબદ્ધ થતા હશો, કદાચ અત્યાર સુધી નિંદ્રામાં કાઢયું હોય તો જાગૃત થજો. અને કામે લાગી જજો, આ ગાંધીયુગમાં આળસ અને વાતોડીયાપણું નહિ પાલવે.

તમારા સર્વ સ્નેહિઓમાં ખાદી ને સ્વદેશીનો ખુબ જોરથી પ્રચાર કરો, અને મિત્રોના લગ્નોમાં ખાદી ને સ્વદેશી ખુબ વપરાય તેવા પ્રયત્નો કરવામાં રખે ચુકતા! જમણો કે મેહફીલોમાં તમે તો નજ જમ શકો બીજાને પણ સમજાવો. જ્યારે આખા દેશમાં ગમગીની અને શોકનાં વાદળાં ઘેરાયાં છે. તે વખતે જમણો અને મેહફીલો કેવાં, આનંદ કેવો, મજા કેવી.

## સમાચાર.

**વડોદરા**—શ્રી વીર ધર્મ ઉપાસક જૈન યુવક મંડળની એક સભા તા૦ ૨૦-૧૧-૩૦ ના રોજ મળી હતી. તેને નીચે મુજબ ઠરાવ કર્યો છે. ગુજરાત પ્રાંતિક સમિતિના સરમુખત્યાર શ્રીમતી સૌ. સરલાદેવી અંબાલાલ શેઠ તથા તેમની પુત્રી મૃદુલાકુમારી અંબાલાલ, તેમજ મુંબઇ કોંગ્રેસ બુલેટીનના તંત્રી મનુભાઇ એમ. ઝવેરી તેમજ વીલેપારલે સમિતિના કાર્યકર્તા પરમાનંદ કુંવરજી વિગેરે જૈન બંધુઓના દેશ સેવાના કાર્યની કદર સરકારે પીછાની તેમણે પોતાના મહેમાન બનાવ્યા છે તે બદલ તેઓને શ્રી જૈન યુવક મંડળના સભ્યો હાર્દિક અભિનંદન આપે છે.

**ભાવનગર**—અત્રેના વતિ અને વીલેપારલેના સરમુખત્યાર ભાઇ પરમાનંદ કુંવરજી જેઓને જવાહીર ડેના દિવસે પારલામાં ગીરફતાર કરેલા તેઓને ન્યાયાધિશે અંગત વિશ્વાસ ઉપર છોડેલા અને કેસ નીકળવાનો ત્રણ દિવસનો ગાળો મળતાં તેમના વૃદ્ધ પીતાને વંદન કરવા શનીવારે અત્રે પધારેલાં સ્ટેશનપર લગભગ ત્રણ હજાર ભાઇ બ્હેનોએ તેમનું સ્વાગત કરેલું. સ્ટેશન ઉપરથી તેમને સરઘસ આકારમાં ગાંધી ચોકમાં લઇ ગયેલા અને સભા મળેલી ત્યાં ઘણુંજ માન આપેલું બાદ સર્વ વહાલાંને મળી વૃદ્ધ પીતાના આશીર્વાદ લઇ રવીવારે અત્રેથી નીકળ્યા ત્યારે પણ હજારો માણસ વિદાય દેવા સ્ટેશને ગયેલાં.

**સિહોર**—ગત ચોમાસામાં મુની અવદાતવિજયજી ભાવનગર ચોમાસુ રહેલા તે ચોમાસુ પુરૂ થતાં કારતક વદ ૧૦ ભાવનગરથી વિહાર કરી નીકળેલા. ભાવનગરથી એક ભાઇને સાથે થઇ ગયેલા તેની લાયકાતનો કોઇ જાતનો તપાસ કર્યા સિવાય ચેલાના લોભી ગુરૂએ રસ્તામાંજ વરતેજ ગામની પાદરે નદીના નાળામાં દીક્ષા આપી હોગો પકડાવી દીધો. ઠાંસના અભાવે ઠંડો આપેલો મુજાનથી રાખેલો તે સિહોર આવીને અત્રે ભાદરવા સુદ ૧૧ કાળધર્મ પામેલા પં. મોતીવિજયજીનો ઠંડો પડેલો તે નવદીક્ષીતને આપી ઠંડાસણની ખામી પૂરી કરી છતાં નવદીક્ષીત મહારાજ માગસર સુદ ૩ સવારના ઉંડી દસ્લે ગયા છે તે હજુ પાછા વળ્યા નથી એટલે છુમંતર થઇ ગયા છે. સદ્‌ભાગ્યે કંઇ હાથ મારીને ગયા નથી. અયોગ્ય દીક્ષાના હિમાયતીઓ એની આંખેથી પીળા ચશ્મા ઉતારીને લાયકાત તપાસી દીક્ષા આપે તો સારૂં, નહિં તો જૈનેતરોમાં શાસનની ફજેતી થવામાં બાકી રહેતી નથી.

**અમદાવાદ**—જૈન યુથ લીગની એક કાર્યવાહક સભા તા૦ ૨૪-૧૧-૩૦ ના રોજ મળેલી તેમાં નીચે મુજબ ઠરાવ થયો છે.

"મુંબઇના જૈન આગેવાન શ્રી. પરમાનંદ કુંવરજી કાપડીયા (વીલેપારલે મહાસભા સમિતિના મંત્રી) તેમજ અત્રેના શ્રીમતી સરલાદેવી અંબાલાલ, શ્રી. રતીલાલ તેલી; શ્રી. જયન્તીલાલ દલાલ, શ્રી. નરોત્તમદાસ નવાબ, વગેરેને હાલની લડતના અંગે સરકારના મેહમાન થવા બદલ આ સંસ્થા તેઓને હાર્દિક અભિનંદ આપે છે."

આ પત્રિકા અંબાલાલ આર. પટેલે 'સ્વદેશ' પ્રિન્ટીંગ પ્રેસ, ગાલા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ માં છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ નં. ૧૮૮, અઢાઇવાળા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ મધેથી પ્રસિદ્ધ કરી છે.

યુવક મંડળોને.

યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B 2616.

# મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું. અંક ૪૫ મો. | સંવત ૧૯૮૭ ના માગશર વદી ૩. તા૦ ૮-૧૨-૩૦ | છુટક નકલ: ૦॥ આનો.

# અયોગ્ય દિક્ષાના હિમાયતીઓને.

## દીક્ષાધેલા મુનીરાજોની ખેડામાં પધરામણી.

### સંતાડેલા છોકરા માટે દોડધામ.

#### જૈન યુવકોનું પ્રસંસાપાત્ર કાર્ય.

ગઇ કાલરોજ અત્રેની જૈનશાળામાં માતરથી વીહાર કરી શ્રી. સાગરાનંદસૂરી મહારાજ આઠ થાણા સાથે પધાર્યા હતા તેઓનો અત્રે પધારવામાં શો ઉદ્દેશ હતો તે અમોએ અમારા પત્રના ગયા અંકમાં દર્શાવી ખેડાના જૈનોને ચેતવણી આપી હતી અને આખરે બન્યું પણ તેમજ. અત્રેની જૈનશાળામાં વહવાણ શહેરના પ્રાણુલાલ નામના પંદર વર્ષની ઉમરના કુમળા બાળકને દીક્ષા આપવા માટે રાખવામાં આવેલો સંભળાતું હતું તેની ખાત્રી થવાથી તેમજ તે છોકરાને બીજે કોઇ નસાડી મુકવામાં ન આવે તેની સાવચેતી રાખવા માટે સ્વયંસેવકોએ સવારથી તે બપોરના ચાર વાગ્યા સુધી ભુખ તરસ વેઠી જૈન શાળાના મકાનમાં તેમજ તેની આજુબાજુ છુપો પહેરો રાખ્યો હતો. વળી તારથી તેના સગા વહાલાને ખબર આપવામાં આવતાં તેઓ આણંદથી મોટર મારફતે અત્રે આવી પહોંચ્યાં હતાં તેમાં પ્રાણુલાલની તાજેતર પરણેતર સ્ત્રી પણ હતી. તેઓએ આવીને જૈનશાળામાં પ્રવેશ કરતાં મહારાજ પાસે બેઠેલા પ્રાણુલાલનો હાથ ઝાલી ઉઠાડતાં કેટલાક મહારાજાઓએ પોતાના ડાંગ ઉંચા કર્યા હતા પરંતુ માણસની મેદની ભરાઇ જવાથી મહારાજનું કંઇ બળ ચાલી શક્યું નહોતું. પ્રાણુલાલને મોટરમાં બેસાડી આણંદ લઇ જવામાં આવ્યા છે. સદરહુ પ્રાણુલાલ આણંદના સંઘવી લખમીચંદ વેલસીના ભાઇને ત્યાં પરણેલા છે. આ છોકરાને તેના સગાવહાલાને સોંપાવા ખેડાના જૈન યુવકોએ જે શ્રમ લીધો છે તે ધન્યવાદને પાત્ર છે. આવી રીતે છોકરાને છુપી રીતે સંતાડવાથી ખેડા જૈન કોમમાં ભારે ખળભળાટ થયો છે. તેમજ જૈનેતર કોમોમાં જૈન ધર્મની અને ખાસ કરીને તેઓના મુની મહારાજોની નીંદા થાય છે. દીક્ષા લેના મુનીરાજો જો તેમના માબાપની પરવાનગી લઇ દીક્ષા આપે તો કોઇને કંઇ બોલવાપણું રહે નહીં.

---

## સામાન્ય સભા.

આ સંઘની એક સામાન્ય સભા ગુરૂવાર તા૦ ૧૧-૧૨-૩૦ ના રાત્રીના ૮ વાગે (સ્ટા. ટા.) **સંસ્થાની ઓફીસમાં** નીચેના કાર્ય પરત્વે વિચાર ચલાવવા મળશે, તો દરેક સભ્યોને વખતસર આવવા વિનતી છે.

કાર્ય.

૧ બહારગામના યુવક સંઘો તેમજ યુવકબંધુઓ જેઓ સભ્ય તરિકે દાખલ થવા ઇચ્છે છે તેઓને સંસ્થાના મેમ્બર તરિકે ગણવા કે નહિ તેનો નિર્ણય કરવા.

૨ નવા વર્ષનો કાર્યક્રમ નક્કી કરવામાં આવશે.

૩ મંત્રી તરફથી રજુ થતા કાર્ય પર વિચાર ચલાવવામાં આવશે.

લી૦

**રતીલાલ સી. કોઠારી.**

મંત્રી : શ્રી મું. જૈ. યુ. સંઘ.

તા. ક. ચાલુ વર્ષનું લવાજમ જે સભ્યોએ ન આપ્યું હોય તે ભાઇઓએ તુરત પહોંચાડવા કૃપા કરવી.

---

## કારતક વદ ૩ ની દીક્ષા.

અત્રે લાલબાગના ઉપાશ્રયમાં પ્રખ્યાત થયેલ શ્રી રામ વિજયજીના ગુરૂએ કારતક વદ ૩ ના દિવસે પાંચ ભાઇઓને ભાયખલે દીક્ષા આપેલી તેમાં રાધનપુરના ભાઇ મહાસુખ મણીલાલે પણ લીધી હતી તે ભાઇ દેવાદાર હોવાથી દીક્ષા લીધા પછી એક લહેણીયાતે કાયદેસર પગલાં ભરવા તજવીજ કરેલી આથી શાસનપ્રેમીઓએ પતાવટ કરવા લાગવગ લગાડી મહેનત શરૂ કરેલી, જેના પરિણામે રૂ. ૧૦૦૦) માં પતાવટ થયેલી અને તેના રૂપીયા પાટણના એક ગૃહસ્થની પેઢીમાંથી આપવામાં આવ્યા.

દેવાદારને દીક્ષા આપવાની શાસ્ત્રો મનાઇ કરે છે. છતાં શાસ્ત્રોની ઉપરવટ થઇ દેવાદાર પુરૂષોને દીક્ષા આપવાથી માઠી સ્થિતિ ઉભી થાય છે. છતાં જ્યાં ત્યાં દીક્ષા આપવાનો ધંધો લઇ બેઠેલાના કયાં ચક્ષુ ઉઘડે છે.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥
શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

# યુવક મંડળોને.

યુવક મંડળોના સંચાલકો! જાગો છો ને?

જે સમયમાં મહાત્મા ગાંધીજી જેવાએ સારા હિંદની નસેનસમાં પ્રાણ પુર્યા હોય, જવાહરલાલ જેવા નરરત્નો સ્વતંત્રતા ખાતર જેલની પુનરાવૃત્તિ કરતા હોય, અને હિંદ માતાના સંખ્યાબંધ સાચા પુત્રો કષ્ટપરંપરાની જરા માત્ર પરવા કર્યા વગર રાષ્ટ્રિય મહાસભાના આદેશ ઝીલવામાં એકતાર બન્યા હોય, એવા અમુલ્ય સમયે શ્રીવીરના સાચા તનુજો; રાજવી ચેટક, કુમારપાળના કુલીન વારસો, અરે વિમળ-મુંજાલ કે વસ્તુપાળ-તેજપાળને અમારા કહી ગજ ગજ છાતી ફુલાવનારા જૈનધર્મી સંતાનો ઉંઘમાં નજર પડતા હોય.

રોજબરોજ થતાં ટુંક ન હસે એ યુવક શાનો? યાદરાખજો યુવક મંડળો કે આપણી લડત જેમ કેવળ રાજકીય નથી તેમ કેવળ ધાર્મિક નથી. આજના રાષ્ટ્રીય જંગમાં આપણ તેટલો ફાળો આપીને પણ ફાજલ વખતનો ઉપયોગ સામાજીક બદીઓને નષ્ટ કરવામાં વ્યતીત કરવાનો છે. કોન્ફરન્સના ઠરાવોનો અમલ કરાવવામાં આપણે સારો ભાગ ભજવી શકીએ. એનો ભંગ થતો શોધી કઢાવવામાં આપણા કરતાં ભાગ્યેજ સારા ટીટેકટીવો મળી આવે.

આપણે ઠરાવોના કાગળમાંથી પસાર થઇ ગયા છીએ એ કોઇને પણ વિસ્મૃતિનો વિષય ન હોવો જોઇએ. આજે તો કાર્યારંભ થઇ છે

લગ્નગાળો આવે છે અને ધારો કે એકાદ ગુહસ્થ નાની બાળકીનો ભવ બાળવા તૈયાર થયો છે તો તરતજ આપણે કાયદાની અદાલતનો લાભ લઇ એ લગ્ન અટકાવી દેવા જોઇએ. અમદાવાદનો કિસ્સો એ બાબતમાં આપણી સામેજ છે. એવીજ બીજી બાબત તે બાળલગ્ન. સમાચાર મળતાંજ 'સારદા એકટ'નો સધિયારો લઇ તે સામે પણ અંકુશ મેલી શકીએ. બાળ સૈન્યો કિંવા વાનર અને માંજરની સેનાઓ ઉભી કરી અત્યારની દેશની કટોકટીની ઘડીએ જેઓ લગ્ન યા બીજા નિમિત્તે વિદેશી વસ્ત્રોમાં, મનગમતા મિષ્ટાન્નોમાં કે વાજાં વગડાવવા આદિ આડંબર કરવામાં પૈસાનો ધુમાડો કરવામાં વ્યવહાર પાલન માની રહ્યા હોય તેવાઓને પ્રથમ સમજાવીને અને ન માને તો એ સામે પ્રચંડ હીલચાલ ચલાવીને બોધપાઠ આપવાનું કાર્ય યુવકોના શીરેજ છે. આજે 'રોવું કુટવું નહિં' કે 'મુવા પાછળ જમણ કરવા નહિં' એ શબ્દોચ્ચારની કંઇજ અસર નથી, એવું માનનારા આપણે આપણી ઓફિસોની બહાર નિકળી, આસપાસ પડોશમાં કે આપણાજ સ્થાનમાં એવું બનવા ન પામે તે સારૂ પ્રચાર કાર્ય ચાલુજ રાખવનું છે અને કદાચ કોઇ ન માને તો એનો સામનો કરવાની તૈયારી પણ કરીજ રાખવાની છે.

શ્રી

# "શુક્રવારીઆ"ના નવા ફતવો!

એ કહેવાતો—

"કોન્ફરન્સની સ્ટેન્ડીંગ કમિટિનો જાણવાજોગ અહેવાલ."

રજુ કરનાર

## એ પડદા બીબી કોણ છે?

વીર શાસન તા૦ ૨૮-૧૧-૩૦ ના અંકમાં પાના ૧૨૫ ઉપર મોટા અક્ષરોમાં 'આખરનો ઘંટનાદ રાખતી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ' એ હેડીંગ નીચે કહેવાતો 'કોન્ફરન્સની સ્ટેન્ડીંગ કમીટીનો જાણવાજોગ અહેવાલ' રા. હીરાલાલ છ. શાહે રજુ કર્યો છે.

આ આખો અહેવાલ વાંચતાં સહુ કાઇ જણાઇ આવે છે, કે એ અહેવાલ આપનારનો આશય કોન્ફરન્સ અને તેના કાર્યકર્તાની વિરૂદ્ધ ઝેરી પ્રચાર કાર્ય કરવાનો છે. છતાં તંત્રી પોતાની નોંધમાં 'જાહેર હીતના ખાતરજ' આ હકીકત જાહેર કરતા હોવાનો દંભ કરે છે. પરંતુ જાગૃત જનતા હવે છેતરાય એમ નથી એવો 'શુક્રવારીયું' ખાત્રી રાખે

લેખની શરૂઆતમાં જૈન કોન્ફરન્સના કારોબારને મનગમતા વિશેષણો લગાડી લેખકના શબ્દોમાં લખીએ તો 'સ્વતંત્ર મીજાજના જુના જર્નાલીસ્ટ મી૦ ઘડીઆળી'ની લેખક પોતાના શબ્દોમાં પીઠ થાબડે છે અને મનમાં કલ્પી રાખેલી વ્યક્તિઓને ઉદ્દેશી મન ફાવતા શબ્દોનો ઉપયોગ કર્યા બાદ બનારસ યુનિવર્સીટી ચેર માટેના રૂ.ની ટીપની હકીકત નોંધે છે. રૂ. ૮૬૦૦૦) ના પોણાબે લાખ થવા જોઇએ તેના પચાસ હજાર થઇ ગયા" એમ ગોટાળો વાળી લલ્લુભાઇ કરમચંદ અને મોહનલાલ હેમચંદને "ચોરીપર શીરજોરી" કરનારા ગણી આખી સ્ટેન્ડીંગ કમિટિ ઉપર ઉતરી પડે છે

વિલાયતી વસ્ત્રોનો ત્યાગ કરાવી, અને ત્યાં લગી ખાદી નહિં તો સ્વદેશી દાખલ કરાવવામાં પણ ઉક્ત નિયમ લાગુ પડે છે. પ્રથમ તો જાતેજ અમલકર્તા થવું જોઇશે. વચન કરતાં વર્તનની અસર અજબ અને વધારે છે. જ્યાં આપણા કાર્યમાં આપણા માટે કોઇ આંગળી ચીંધી શકે તેવું ન રહ્યું એટલે નિકળી પડવાનું સમાજમાં એ ચોથા 'પ્રપોજનને અમેન્ડમેન્ટ' પર જેવી ચર્ચાઓ સભા સ્થાનમાં ચાલે છે એ કરતાં પણ વધુ તીવ્ર ને કર્કશ કરવાનો અવસર આવવાનો આમ છતાં ઠંડુ મગજ અને સરલ ઉદાહરણોને વશ સારૂ જગત થઇ શકે છે એવી ખાતરી રાખીનેજ આગળ વધતા જવાનું. સેવેલ પરિશ્રમ નિષ્ફળ નથીજ જતો એવી શ્રદ્ધાનું વજ્ર બખ્તર બાંધીજ હોવું સુધારણા જેજે દેશોમાં અને જેજે સમાજોમાં થઇ છે તેના ઇતિહાસ અવલોકશો તો વિચારજો જણાશે કે એના ઉકાસુમાં કેટલાક આત્માઓની મરીફીટવાની વૃત્તિ અને એ અર્થે સ્વેચ્છાએ સ્વીકારેલી ફકીરી રમતા જણાશે. બીજી બાબતો સંબંધમાં પછી વિચારીશું.

પણ આટલુ ઉપાડી લેવાને સારૂ આપની તૈયારી છે કે કેમ? ગામેગામના પ્રત્યેક મંડળો તરફથી જવાબ મળે ત્યારેજ એ જણાય. આપણું પહેલું અને અતિ અગત્યનું કાર્ય સંકલિત થવાનું છે. આપણી ચેતન અવસ્થા ત્યારેજ પુરવાર થઇ શકે જ્યારે પત્રિકાના પ્રત્યેક અંકે કાર્યવાહીના ઉત્સાહજનક હેવાલો મળતા રહે.

સ્ટેન્ડીંગ કમિટિમાં તે દિવસે હાજર રહેલા સભ્યોમાંથી લગભગ પંદરેક વ્યક્તિઓનાં રેખા ચિત્રો દોરવાનો-ઓળખાણ આપવાનો-'ગટર મુકાદમ'ની ભાષામાં પ્રયત્ન કરવામાં આવ્યો છે અને ત્યાર બાદ 'આ કામ એજન્ડાપર નહોતું' એમ એકરાર કરી છેવટે અમે સામાન્ય વાત નીકળતાં જે કંઇ બોલાએલું તે બોલનાર વ્યક્તિઓનાં નામ આપી નોંધવામાં આવ્યું છે. બોલનાર વ્યક્તિઓના નામ નીચે મુકેલા શબ્દોમાં કેટલા ખરના શબ્દો અહેવાલ આપનારે ઉમેર્યા છે, તેને વ્યક્તિઓ સિવાય બીજું કોણ કહી શકે?!

ખેર, આપણે મુદ્દાપર આવીએ.

પ્રથમ તો રા. હીરાલાલ જી. શાહ કોણ છે? તેઓ સ્ટે. કમીટીના સભ્ય છે ખરા? જો હોય તો તેઓ કમિટિના એજન્ડાપર નહિં એવી ચર્ચાને કોન્ફરન્સ અને સ્ટેન્ડીંગ કમિટિના પોતના ગોઠીઆઓની મનગમતી ટીકા કરવાનો અને સ્ટે. કમિટિએ તેમનામાં મુકેલા વિશ્વાસનો આમ ભંગ કરવાનો એવો કયો વિશિષ્ટ હક્ક ભોગવે છે કે આમ સ્વચ્છંદે કલમ ચલાવવાની ધૃષ્ટતા તેઓ કરી શકે? આખો લેખ વાંચ્યો તો-રા. હીરલાલ જી. શાહ નામની કોઇ પણ વ્યક્તિ હોય, અને તે સ્ટે. કમિટિમાં સભ્ય હોય અને છતાં આટલી ધૃષ્ટતા કરે એ બનવું શકય નથી. આ બધી પડદા પાછળની રમત હોવાનો વધારે સંભવ છે. કારણ કે પ્રથમ તો પાના ૧૨૪ ઉપર છાપેલી ચર્ચામાં જેટલી વ્યક્તિઓએ ભાગ લીધો છે તેઓની ખાસ કરી ઓળખાણ આપવાનો પ્રયત્ન થયો છે અને તેમાં પણ જેઓ જરા ઉગ્ર બન્યા છે તેમની ઉપર આકકતરી રીતે હુમલો કરવાનો પ્રયત્ન કરેવામાં આવ્યો છે.

બીજું સ્ટેન્ડીંગ કમિટિમાં થતી વાતો છાપાઓમાં પ્રસિદ્ધ થાય છે માટે આપણે કોઇની ખાનગી બાબતોમાં ઉતરવું તે ઠીક નહી એવી સૂચના ત્યાં થઇ હોય એમ જણાય છે. તે વખતે શેઠ અમૃતલાલ કાળીદાસ આ બાબત પરત્વે 'પ્રેસ રેપ્રિઝેન્ટેટીવો જો આવું કરતાં હોય તો તે બહુ ખોટું ગણાય! એવો અભીપ્રાય આપે છે. તેજ વખતે પેલા 'જાણીતા જર્નાલીસ્ટ' મી૦ ઘડીઆળી સાફ સાફ જણાવે છે કે: "પીછોડીમાં પથ્થર ના મારો. મર્દાઇથી ખરી વાત કરો કે સમજ પડે." અને તેજ વખતે કેટલાક સભ્યો તરફથી અને પ્રમુખ સાહેબ તરફથી જણાવવામાં આવેલું તે નોંધેલું છે કે: "મી૦ ઘડીઆળી! આતો સામાન્ય વાત થાય છે" અને વાતનો અંત આવે છે.

આ ઉપરથી આપણે એ અનુમાન સહેલાઇથી કરી શકીએ કે આખી ચર્ચા દરમીઆન જો કોઇને ખોટું લાગવાનો પ્રસંગ બન્યો હોય તો તે મી૦ ઘડીઆળીના નામ નીચે મુકેલા શબ્દોમાંથી ધ્વનિત થતા જણાય છે પણ લેખક લખે છે તે પ્રમાણે એમના જેવા જાણીતા જર્નાલીસ્ટ ઉપરાંત 'સ્વતંત્રવાદી બધાથી જુદાજ' અને "અગમ્ય માણસ" કે જેઓ "કોઇ પણ પક્ષના" નહી એવા મી૦ ઘડીઆળી આવા નજીવા પ્રસંગથી-અને તે પણ સ્ટે. ક. ના સભ્યો અને પ્રમુખ સાહેબના રીતસર ખુલાસા પછી-ડરી કે ડગી જાય અને પડદા પાછળ રહી આવું નામર્દાઇભર્યું કામ કરે એ માનવું તો શું પણ કલ્પવું પણ અશકય છે. જ્યારે બીજા સભ્યો કે જેઓનાં શબ્દ ચિત્રો આળખવામાં ખાસો ચીવટ કાળજી રોકવામાં આવ્યાં છે, તેમાંથી કોણ એવો હોય છે જે પોતે પોતાની જાતેજ પોતાની કથા લખવા બેસે. આ બધું વિચારતાં એ નકકી થાય છે કે રા. હીરાલાલ જી. શાહ એ ચોકસ સ્ટે. ક. ના સભ્ય હોવા જોઇએ. જો તેઓ સભ્ય ના હોય તો એમને આ કહેવાતી ચર્ચાનું લખાણ પુરૂં પાડનાર વ્યક્તિ સ્ટે. ક. ની સભ્ય હોવીજ જોઇએ. અગર તો આવા અસ્પષ્ટતા [illegible] આક્ષેપો કરવાનું નામર્દાઇભર્યું કાર્ય કરનાર વ્યક્તિ એક સ્ટે. કમિટિમાં સભ્ય હોવાના કારણે આ નામ ધારણ કરેલું [illegible] જોઇએ. ગમે તે હોય પણ એટલું ચોકસ છે કે આ પડદા [illegible] ળની રમત છે એમ લેખ લખવાની ઢબ, અને પોતાના શબ્દોમાંજ પોતે વાળેલા છબરડા ઉપરથી જણાઇ આવે છે, હવે છેલ્લે એકજ પ્રશ્ન બાકી રહે છે કે, એ પડદા બીબી કોણ છે?

અને આ પડદા બીબીને શોધી કહાડી સ્વે. જૈન કોન્ફરન્સમાં સંપૂર્ણ વિશ્વાસ ધરાવનાર જૈન આલમને એ કાળા મ્હોંનો પરિચય કરાવવાની સ્ટે. ક. ની પ્રથમ ફરજ છે એમ કહેવાનો જૈન તરીકે દરેકને હક્ક છે. સ્ટેન્ડીંગ કમિટિ આ કાર્ય બજાવશે? —"કોઇ પણ"

## આભાર સ્વીકાર.

જૈનપ્રકાશનો રાષ્ટ્ર અંક અમને સમાલોચના અર્થે મળ્યો છે અત્યાર સુધીમાં જૈન પત્રોએ કહાડેલા અંકોમાં આ અંક રાષ્ટ્રિય અંક તરિકે અજોડ ગણાય. અંક સુંદર અને નમુનેદાર છે અંદરના બધા લેખો જૈન દ્રષ્ટિએ રાષ્ટ્રિય લક્ષપર સુંદર રીતે લખાયેલા છે અને આ અંકમાં કશા પણ સાંપ્રદાયિક કે ગચ્છ ફીરકાના ભેદ વગર લખાયા લાગે છે. આવી વિશાળ દ્રષ્ટીથી અંક કાઢવા બદલ પ્રકાશના તંત્રીને અમારા અભિનંદન ઘટે છે. આ અંક દરેક જૈનને સંઘરવા યોગ્ય છે.

## કોન્ફરન્સનું પ્રાન્તીક અધિવેશન.

અમને તારથી સમાચાર મળે છે કે શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સનું મારવાડ પ્રાન્તીક અધિવેશન પોષ વદી ૧૦ ને સોમવાર તા૦ ૧૫ ડીસેમ્બર મારવાડ વરકાણા તીર્થ યાત્રાના મેળા સમયે શ્રી વરકાણાસ્થાને મળશે. તે સમયે હાજરી આપવા મારવાડ પ્રાન્તીક સમિતિનું ખાસ આમંત્રણ છે.

# શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ

હસ્તકનું

## શેઠ ફકીરચંદ પ્રેમચંદ સ્કોલરશીપ-

## માહેઓ દરેકના રૂ. ૪૦) ના.

### છેલ્લી મેટ્રીકયુલેશનની પરીક્ષામાં ફતેહમંદ નિવડેલા વિદ્યાર્થીઓ માટે.

મર્હુમ શેઠ ફકીરચંદ પ્રેમચંદના નામથી સોંપવામાં આવેલ ફંડમાંથી કોન્ફરંસ ઓફીસ તરફથી એક સ્કોલરશિપ મેટ્રીકયુલેશનની પરીક્ષામાં સંસ્કૃત વિષયમાં સૌથી ઉંચા નંબરે પાસ થનાર જૈનને, તેમજ બીજી સ્કોલરશિપ સુરતના રહેવાસી અને કુલે સૌથી વધારે માર્કસ (Marks) મેળવનાર જૈનને આપવા માટે નક્કી કરવામાં આવ્યું છે, એ બન્ને સ્કોલરશિપોનો લાભ લેવા ઇચ્છનાર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વિદ્યાર્થીઓએ નીચેના ઠેકાણે તા૦ ૨૧-૧૨-૩૦* સુધીમાં અરજી કરવી.

| | |
|---|---|
| શ્રી ગોડીજીની ચાલ,<br>૨૦, પાયધુની,<br>મુંબઇ, ૩. | શા. રણછોડભાઇ રાયચંદ ઝવેરી.<br>રેસીડેન્ટ જનરલ સેક્રેટરી<br>જૈન શ્વે. કોન્ફરન્સ. |

* પુરતા પ્રમાણમાં અરજીઓ નહીં આવવાથી આ મુદત વધારવામાં આવી છે.

# દિક્ષાનું શાસ્ત્ર.

આજકાલ હાલમાં અપાતી દીક્ષાની રીતના સંબંધમાં નીચેનાં વચનો ઉચ્ચારવામાં આવે છે :

"દીક્ષા માટે છોકરાને કે મનુષ્યને ભગાડવો પડે, સંતાડવો પડે કે એવુંજ કાંઇ બીજું સાધુ મર્યાદા બહારનું કામ કરવું પડે તો પણ તે કરવાના; જો અમે તેમ ન કરીયે તો કોઇ કાંઇ થોડી મેળેજ થોડાજ સાધુ થવાના છે! કોઇ માબાપ પોતાના દિકરા દિકરીને સાધુ થવા થોડીજ રજા આપવાના છે? એતો મા એ રડતી રહે, બાપ ગાડતો રહે, સ્ત્રી મોં વાળતી રહે અને છોકરાંઓ કકળતાં રહે તો પણ અમે છોકરાને કે ધણીને સંતાડીને, ભગાડીને પણ દીક્ષા આપવાના.

ડોકટર જો દરદીની દયા ખાય તો તેનું અહિતજ થાય, તેમ જો અમે માબાપ કે સ્ત્રી છોકરાંની દયા ખાઇયે તો લોકકલ્યાણ કયાંથી કરી શકીયે? આ ભેખ અમે તો લોકના હિત માટે લીધેલો છે, અને જો તેમ ન કરીયે તો ભગવાન શ્રી મહાવીરનો ધર્મ વહેલો ડુબી જાય: તેથી કહીયે છીયે કે ગમે તે ઉપાયથી લોકને સંસારથી મુકત કરી દીક્ષા આપવાના. આ પ્રવૃત્તિ અધાર્મિક પણ નથી, એતો સંસારીઓના સ્વાર્થને આડે આવતી હોવાથી જાણું કમીં છએ ને તે અનિષ્ટ લાગે છે; પણ પરિણામે તે પ્રશસ્ત હોવાથી અમારી મર્યાદા બહારની નથી. એ પ્રવૃત્તિને લઇ કોઇ અમારા ઉપર શિષ્યમોહિપણાનો, ક્રોધિપણાનો કે છોકરાં ચોરનો આરોપ મૂકે તો પણ તે શ્રી મહાવીરના શાસનની રક્ષા માટે સહન કરવા અમે તૈયાર છીયે.

શાસ્ત્રમાં જેને પ્રશસ્ત મોહ, પ્રશસ્ત દ્વેષ, પ્રશસ્ત ચોરી કહેવામાં આવી છે તે આજ પ્રવૃત્તિ કે આવી બીજી ધાર્મિક પ્રવૃત્તિઓ છે. શ્રી અઇમત્તે અણગાર, શ્રી આર્ય રક્ષિત સ્વામી, શ્રી વજરસ્વામી, શ્રી દેવસૂરિવાદી, શ્રી હેમચંદ્રાચાર્ય, શ્રી હીરવિજયસૂરિ અને શ્રી જશવિજય ઉપાધ્યાય વગેરે જે અનેક મહાન પુરૂષો યુગપ્રધાન કે તેમના જેવા બની ગયા તે નાની ઉંમરેજ દીક્ષા લેવાના કારણથી; કારણ કે નાની ઉંમરમાં જે સંસ્કારો પડે છે તે પછીથી પડતા નથી, માટેજ નાનાં છોકરાંને ભગાડીને, સંતાડીને કે બીજે કોઇ પ્રકારે દીક્ષા તો જરૂર આપવાના."

આ વચન સત્ય છે કે સત્યાસત્ય? શાસ્ત્રસંમત છે કે સ્વશાસ્ત્રસંમત? આ વિચારણીય છે.

શ્રી હેમચંદ્રાચાર્ય આદિ નાની ઉંમરે દીક્ષિત થયા હતા તે ખરૂં, પણ તેઓને કોઇએ ભગાડયા ન હતા; પણ સંઘની સમજાવટથી તેમના માતપિતાએ રાજીખુશીથી આપ્યા બાદ તેમને દીક્ષિત કરવામાં આવ્યા હતા. હવે શાસ્ત્રનો સંબંધ તે સાથે વિચારીયે.

આ વાત પ્રથમ તો આપણી સ્થૂલ બુદ્ધિથી બાધિત છે તો પછી તે શાસ્ત્રમાં તો કયાંથી હોય? એટલું તો ખાસ યાદ રાખવાની જરૂર છે કે ભગવંત શ્રી મહાવીર દેવે 'અહિંસા પરમો ધર્મ'નો પ્રચાર કર્યો તે પણ કેટલાંય વર્ષોની તેમની સાધના અને અનુભવ પછી. વળી કલ્પસૂત્રમાં તેમના જીવન વ્યવહાર પરથી આપણે શું જોઇ શકીયે છીયે? તેઓ તેમના માતા પિતાના આદર્શ ભક્ત, કુટુંબવાત્સલ્યની પ્રતિમા અને મનુષ્ય સ્વભાવના પુરા અભ્યાસી રૂપે આપણને નજરે પડે છે. જે પુરૂષ માતાપિતાનો ભક્ત હોય, કુટુંબ વત્સલ હોય, માનવ સ્વભાવનો જાણકાર હોય અને વધારામાં ચુસ્ત અહિંસક હોય તેવા ધીર, ગંભીર અને મહાન વિભૂતિના વિચારથી નિપજેલ શાસ્ત્રમાં કે તેમના અનુયાયિની વાણીમાં છોકરાં ભગાડવાની, સંતાડવાની કે ગમે તેમ કરી દીક્ષા આપવાની વાત હોય ખરી? અરે! આવી વાતતો કોઇ પણ શાસ્ત્રમાં ન હોય!

જુઓ, શ્રી મહાવીરની માતાપિતાની ભક્તિને માટે અને માતાપિતાને તરછોડી અવિવેકી થનાર માટે આચાર્ય શ્રી હરિભદ્ર શું કહે છે?

जीवतो गृहवासेऽस्मिन् यावन्मे पितराविमौ ।
तावदेवाधिवत्स्यामि गृहानयमभीग्रहः ॥ ४ ॥

"મારા માતાપિતા જીવતા સુધી ગૃહવાસમાં રહેવું મને અભીષ્ટ છે માટે હું રહીશ.

इमौ शुश्रूषमाणस्तु गृहानावसतो गुरू ।
प्रव्रज्याप्यानुपूर्व्येण न्याय्यान्ते मे भविष्यति ॥ ५ ॥

ગુરૂ રૂપ માતાપિતાની ઘરમાં રહી સેવા કરતાં અન્તે પ્રમાણિકપણે પ્રવ્રજ્યાને પણ લઇ શકીશ.

सर्वपापनिवृत्तिर्यत् सर्वथैषा सतां मता ।
गुरूद्वेगकृतोऽत्यन्तं नेयं न्याय्योपपद्यते ॥ ६ ॥

સર્વ પાપની નિવૃત્તિ રૂપ એ પ્રવ્રજ્યા સંતોને સદા સંમત છે. પણ વડીલોને દુઃખી કરીને લીધેલ પ્રવ્રજ્યા ન્યાયયુક્ત નથી.

प्रारम्भमङ्गलं ह्यस्या गुरुशुश्रूषणं परम् ।
एतौ धर्मप्रवृत्तानां नृणां पूजास्पदं महत् ॥ ७ ॥

પ્રવ્રજ્યાની સાધનાનું પહેલું મંગલ તો માતપિતાની સેવા છે; જે ધાર્મિક છે તેને તો માતાપિતા પૂજનીય છે

स कृतज्ञः पुमाँल्लोके स धर्मगुरुपूजकः ।
स शुद्धधर्मभाक् चैव य एतौ प्रतिपद्यते ॥ ८ ॥

જગતમાં તેજ કૃતજ્ઞ છે, તેજ આ લોકમાં ધર્મ અને ગુરૂનો પૂજક છે, અને તેજ શુદ્ધ ધર્મનો ધારક છે, જે માતાપિતાની સેવા કરે છે.

'અષ્ટકના આ શ્લોકમાં આચાર્ય હરિભદ્રે શ્રી મહાવીરનાં ચિત્તનું પવિત્ર પ્રતિબિંબ પાડયું છે'

અહિંસાના શાસ્ત્રમાં ક્રુરતાની વાત હોય, સત્યના શાસ્ત્રમાં ચાલાકીથી અસત્ય બોલવાની વાત હોય, અચૌર્યના શાસ્ત્રમાં છેતરવાની અને ચોરીની યુકતિઓની વાત હોય, બ્રહ્મચર્યના શાસ્ત્રમાં વ્યભિચારની વાત હોય, અપરિગ્રહના શાસ્ત્રમાં વિલાસિતાની વાત હોય તોજ શ્રી મહાવીરના શાસ્ત્રમાં છોકરાં ભગાડવાની વાત હોય.

"શ્રી મહાવીરના અનુયાયિઓ (પુર્વાચાર્યો) ઘણા દીર્ઘદર્શી હતા, માનવ સ્વભાવના પણ અનુભવી હતા. એથીજ એઓ એમ સમજતા હતા કે, હવે જ્યારે શ્રી મહાવીરના અનુયાયિઓનો એક મોટો સંપ્રદાયજ ચાલશે, શ્રમણો પણ ટોળે થવા લાગ્યા ત્યારે શ્રમણ સંઘમાંયે અનેક પ્રકારની વાસનાવાળા માણસો ભળવાના, અને તેમાં વિશેષતાએ વેષનીજ પ્રધાનતા રહેવાની; આમ સમજીનેજ એમણે આપણી સામે એક એવો ગજ મુકયો છે કે જે વડે સમાજ એ દરેક શ્રમણને માપે અને પછીજ શ્રમણને ગુરૂ તરીકે સમજે એ ગજ આ રહ્યો. ('સુઘોષા'માંથી) (અપૂર્ણ.)

આ પત્રિકા અંબાલાલ આર. પટેલે 'સ્વદેશ' પ્રિન્ટીંગ પ્રેસ, સાશા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ માં છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ નં. ૧૮૮, ચટાઇવાળા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ મધેથી પ્રસિદ્ધ કરી છે.

પદડા બીબીના પડછંદા. યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg No. B. 2616.

# મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું. અંક ૫૦ મો. | સંવત ૧૯૮૭ ના માગશર વદી ૧૦. તા૦ ૧૫-૧૨-૩૦ | છુટક નકલ: ०॥ આનો.

## બત્રીસ લક્ષણાનું બળીદાન.

જગતના એ સર્વોત્તમ પુરૂષે બારમી માર્ચે શરૂ કરેલ કુચથી દેશે આદરેલ અહિંસક યુધ્ધમાં સમગ્ર બ્હેનો અને ભાઇઓએ ભોગ આપીને ભારતના લખાતા ઇતિહાસમાં સોનેરી અક્ષરોના પાનાં ઉમેરેલાં તેમાં પણ ગયા શુક્રવારે મધ્યાન વખતે મુંબઇ જેવા શહેરમાં અને કાલબાદેવી જેવા જાહેર રસ્તા ઉપર પરદેશી કાપડની ગાંસડીઓથી ભરેલી લોરી નીચે એક બત્રીસ લક્ષણા વીરનું અદ્દભુત બળીદાન દેવાયુ. એ બળીદાન અજોડ છે. સાચા સીપાઇને શોભતું, વીરને છાજતું એ કીર્તિવંત બળીદાન છે.

અહિંસક યુધ્ધમાં પરદેશી કાપડ ઉપર પીકેટીંગ કર્તાં કારાવાસની ત્રણ માસની મેમાનગીરી મેળવી પંદર દિવસથી મુકત થયેલ એ વીરનું શરીર કારાવાસમાં નબળું પડેલ હોવા છતાં, એને તો આઝાદીનીજ જંખના હતી. અરે! માતાની મુક્તિ માટે જાનફેસાની રમત રમવાના કોડ હતા. એ કોડ એના પૂરા થયા. એ વીરે જેવું જીવી બતાવ્યું તેવુંજ ભારત માતાના બહાદૂર બેટા તરીકે મરી બતાવી અમર કીર્તિ મેળવી.

શુક્રવારના મધ્યાન પહેલાં વીર બાબુ ગનુને એના સગાં સહોદરોજ ઓળખતાં. મધ્યાન પછી તે વીરને જગતે ઓળખ્યો, એટલુંજ નહિ પણ આત્મભોગ આપનાર વીરોની ટીકાઓ કરનાર ડોહડાહ્યાઓને પણ ઓળખાણ પડી હશે! પરદેશી કાપડથી ભારતની કેટલી ને કેવી દુર્દશા થઇ છે તે દરેક જાણે છે છતાં કોઈ કાળા મોઢાના માણસો વાપરતાએ હશે! અને વેપલો પણ કર્તાં હશે! તેવાઓને વિનવવામાં આવા અનેક વીરોના બળીદાનો દેવાશે તેમાં પ્રથમ કીર્તિવંતુ માન ભાઇ બાબુ ગનુએ ખાટી જઇ અમર થઇ ભારત વર્ષની કીર્તિમાં વૃધ્ધિ કરી છે.

ઓ! અમર સ્થાને સીધાવનાર વીર તારા અદ્દભુત આત્મભોગથી અમારા તને અનેકવાર વંદન છે.

### જૈન યુવાનો અને યુવતિઓ!

આ વીરના બળીદાનથી તારી ફરજનો ખ્યાલ આવતો હોય તો પોતાનાજ દેશમાં બનેલું કાપડ વાપરજું. જો તમે ધર્મ સમજતા હો, તો તમારા શરીર ઉપર કે ઘરમાં પરદેશી કાપડ હોય તેને પ્લેગ સમજી ફગાવી દેજો. અને દેશમાં બનેલું વાપરવાની પ્રતિજ્ઞા કરજો.

હવે ખાદીને માટે કહેવાનું હોયજ નહિ! પીતા મહાવીરના એક પણ ભકતથી વસ્ત્રમાં ખાદી સિવાય બીજું પહેરી શકાય નહિ. કારણ! બાકીના તૈયાર થતાં વસ્ત્રો માટે લાખો પ્રાણીયો હણાય છે એ જાણીતી વાત છે. એટલે જેના ધર્મનો સિધાન્ત અહિંસા છે તેનાથી કેમ પહેરાય. ખાદી ન પહેરતા હો તો પહેરવાની પ્રતિજ્ઞા કરજો. પરદેશી કાપડનો બુરો ધંધો કર્તાં હો તો તેને બંધ કરી દેજો. આટલું પણ જે ન કરી શકે તેને ભારત માતાના પુત્ર કે પુત્રી તરીકે તેમ પીતા મહાવીરના અનુયાઇ તરીકે કહેવરાવવાનો અધિકાર નથી.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥

શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

# પડદા બીબીના પડછંદા.

સુરતના લાંબે રાગે કરેલા શોરબકોર છતાં કોન્ફરન્સની પ્રભાતો પ્રતિદિન ઉદ્દિગંત થતી જોઈ એ 'અહ્દૃધર્મી'ના ઉકળાટનો પાર ન રહેવાથી 'હાર્યો જુગારી બમણું રમે' એ ઉક્તિ અનુસાર પડદા પાછળ રહી કેવળ કાદવ ઉરાડવાના બાલીશતાભર્યા ધંધો સેવવાનો એ વર્ગે લજાવનારો માર્ગ ગ્રહણ કર્યો છે. આ વાત વીર શાસન પત્રમાં આવેલ હીરાલાલ જી. શાહ નામની વ્યક્તિના લેખથી પુરવાર થાય છે. એક વાર કહેવું કે 'કોન્ફરન્સ સાથે અમને કંઇ લાગતું વળગતું નથી અગર ધર્મી વર્ગનો એને ટેકો નથી અને બીજી બાજુ એના સંબંધના લેખમાં વગર વિચાર્યે કોલમોના કોલમો કાળા કરી મારવા એ બેહુદુ વલણ પડદા બીબી સિવાય બીજા કોને શોભે? શું આમ ચિતરવાથી કોન્ફરન્સ કે તેના સંચાલકોની પ્રતિષ્ઠા હલકી પડવાની? અગરતો એના કાર્યક્રમપર તાળા દેવાવાના? લેખક કે તંત્રી અથવા તો પંજાબેનો કે એન ચેનો જો એમ માનતા હોય તો તેઓ ખાંડ ખાય છે. જૈન સમાજ આજે સારી રીતે શ્રીમતી કોન્ફરન્સના કાર્યોની કિંમત આંકી શકે છે અને વીર શાસનનો જુઠો પકડયા છતાં કેવળ વેર પ્રસારનાર એ શુક્રવારીયાના—અને ગુપ્ત પણે એમાં સદૈવ દાવ ખેલનારા વેશધારીઓના—મૂલ્ય ઠેરવી શકે છે. પગ તળે બળતું જોવાનું મુકી સામાના શીર તરફ નજર ફેંકવા જનારા એ સફેદ નામધારી સાધુઓ, તે શું પોતે પ્રકાશમાના હતા? "જેમાં જ્ઞાનખાતાના નામે રકમ લઇને છપાં પોષક ભાષા છપાવવામાં, સાધુને ન છાજે એવા ધંધા કરવામાં અને તેવા બીજા કામોનો લાંબો ઇતિહાસ આવી જાય છે—એ ભૂતકાળની નોંધપોથી પુનઃ તાજી કરવાની જરૂર છે?" ભુતકાળના એ બનાવોને દાબી દઇ પોતાના માર્ગે પ્રવૃત્ત કરનારને આજે કોણ રોકે છે? ટીકા પણ યોગ્ય રૂપમાં શોભે આજે તો કેવલ પોતાનો કક્કો ન ખરો થવાથી કલ્પિત ગમે તેમ ચિતરી મારવું એનો અર્થ શું હોઇ શકે?

હીરાલાલ જી. શાહ નામનો જ્યારે કોઇ સ્ટેન્ડીંગ કમિટિમાં સભ્યજ નથી ત્યારે પછી એ જે લખે તેમાં શું વજુદ હોઇ શકે? આમ છતાં એ જે ચિત્ર આલેખવા કલમ ચલાવે છે તે ઉપરથી જોઇ શકાય છે કે એની પરિક્ષામાં માત્ર ઘડીયાળીજ ઉંચે નંબરે તરી આવે છે બાકીના દરેક ચિત્રમાં એની આંખો કેવળ દોષદર્શન કરે છે. સૂર્યના સાચા દર્શન ન થવામાં જેમ ઘુવડની આંખોનોજ દોષ છે તેમ અહીં પણ એમજ લાગે છે, અને સંસય પણ પડે છે કે કદાચ ઘડીયાળી ગુરૂપક કેમ ઉક્ત લેખક ન હોઇ શકે? આવું બન્યાના કેટલાયે દાખલા વાંચ્યાં છે. તેથી તો કહેવત પસરી છે કે 'વરને કોણ વખાણે તો કે વરની મા' ગમે તેમ હોય ચાહે તો હીરાલાલ જી. શાહ હોય કે ચાહે તો હીરાલાલ એવું કોઇ બહુરૂપીનું નામ હોય! એની સાથે આપણને ઝાઝો સંબંધ નથી. એના દોરેલા રેખા ચિત્રો કેવળ દોરનારની તર્કશક્તિ કે કળાનો ખ્યાલ નહીં આપતાં માત્ર દૂષણ શોધક વૃત્તિનો ભાસ કરાવે છે. શાસ્ત્રકારો એવી વૃત્તિ વાળાને 'કાક' (કાગડા)ની ઉપમા આપે છે. એનો સ્વભાવ સુંદર પદાર્થ ત્યજી વિષ્ટામાં ચાંચ બોળવાનો હોય છે. મહાત્માજી જેવા એવી રીતે છિદ્રો જોવાની ટેવ લગાડનાર માટે 'ગટરસુકાદમ'નો શબ્દ પ્રયોગ કરે છે. સામાન્ય સમજ શક્તિવાળો પણ વાંચતાંજ જાણી શકે છે કે લેખમાં લગાડેલા વિશેષણો એ સાચા નહીં પણ અસુયાના આવેશમાં ઘસડી મારેલા મનકલ્પિત પલોપાત છે.

જરા જેટલી વાતને મોટું રૂપક આપી 'કાગનો વાઘ' બનાવનારા સમાજની કશી પણ સેવા કરતા નથી; પણ સમાજમાં મોટો ખળભળાટ ફેલાવી કલહ પેદા કરાવવાના હાથા રૂપ નિવડે છે. 'બનારસ ચેર' સંબંધી કલેલ ફંડ અને તેમાંથી કેટલું વસુલ થયું અને કેટલું રહી ગયું ઇત્યાદિ વિષયમાં જૈન સમાજ સર્વાંશે નહિં તો અધિકાંશે તો જરૂર જાણકાર છે. કેટલીક રકમ વસુલ ન આવવામાં માત્ર સંચાલકોનો પ્રમાદ એકલોજ જોખમદાર નથી પણ સંખ્યાબંધ કારણો સમાયેલા છે. એ બધાને ઉઘાડા કરવામાં પોતાની જાંગ ઉઘાડવા જેવું છે. એટલું તો નિશ્ચિત છે કે કોન્ફરન્સે વસુલ આવેલ રકમનો દુરૂપયોગ નથી કર્યો તેમ જે હેતુએ એ એકઠી કરાઇ તે હેતુ સિવાય અન્ય રીતે તેનો વ્યય પણ નથી કર્યો. જો આ વસ્તુસ્થિતિ હોય તો પછી શા સારૂ ફોગટ પાણી વલોવવામાં આવે છે? અલબત કાર્યવાહકોએ રખા ઢારગી કરી હોય તો જરૂર તેઓ કડવી ટીકાને પાત્ર છે, પણ તેવું તો લેજ નહિં એ લેખ ઉપરથી પણ કિવા જેવું જણાઇ આવે છે તો પછી ગમે તે નિમિત્તે સ્વચ્છંદતાથી ઘસડી મારવું એથી શું લાભ? સંસ્થા સામે જો અણગમો હોય તો એમાંથી ફારગ થઇ જવું એ સીધો માર્ગ છે; અને જો એમાં રહેવુંજ છે તો એની કીર્તિને ઝાંખપ ન લાગે એ જોવાની પ્રત્યેક સભ્યની ફરજ છે. પછી પરસ્પર ટોપલા ઓઢાડવા નિકળનારા કિંવા 'રજનું ગજ' કરનારા કિંવા સ્ટેન્ડીંગ કમિટિની ખાનગી વાતને ભળતી રીતે આલેખી પ્રગટ કરનારાને કેવું વિશેષણ લગાડવું?

ભૂતકાળનો ઇતિહાસ સાખ પૂરે છે કે પડદા બીબીઓથી કોઇ પણ જાતની સેવા થઇ નથી. ભલેને એઓ લવારા કર્યા જાય કુરાના ભસવાથી ગજની મહત્તામાં ભાગ્યેજ ફેર પડે છે.

## રામવિજયને.

મુંબઇમાં જ્યારથી આપનાં પનોતાં પગલાં થયાં ત્યારથી જૈન જનતા એવી તો ધરાઇ ગઇ છે કે આપ કયાં છો અને શું બોલો છો તેનીએ પરવા નથી. એ આપના ખ્યાલ બહાર તો નહોતુંજ. છતાં મહિનાના મહિનાઓ સુધી ગણું બેસાડી દીધું પણ સમાજ તો નજ ભોળવાઇ, ત્યારે આખરે મુંઝવણ થઇ અને ભોળા લોકોને ભેરવવા કંઇ નવો કીરસો શરૂ કર્યો હોય તેમ લાગે છે.

થોડાજ વખત ઉપર આપના એક ભકત સાથે રા. રા. કૃષ્ણલાલ ઝવેરી આપના વ્યાખ્યાનમાં આવેલા ને લગભગ

દરેક મીનીટ બેઠેલા તે વખતે આપે આપની જીભાનને કાબુમાં રાખી ડાહ્યા ડમરા બની જઇ દરેક મીનીટ ઉપદેશ આપ્યો તે ગાળામાં શા. લક્ષ્મીચંદ જીવરાજે પ્રશ્ન પુછેલા તે વખતે સમયને ઓળખી, શાન્તી રાખીને તે ભાઇને જવાબ આપવામાં આવ્યા. પરંતુ દસ મીનીટ પછી જેવા રાજેશ્રી ઝવેરીએ વિદાય લીધી કે પેલા પ્રશ્ન પુછનાર ભાઇ ઉપર વ્યાખ્યાનમાંજ આપના અસલ સ્વભાવ ઉપર જઇ ન કહેવાનાં વેણુની ઝડી વરસાવી અને દસ મીનીટ પહેલાં દંભનું ભજવેલું નાટક ખુલ્લું કરી પોત પ્રકાશ્યું. આ પણ સાધુતાને ?

રાજેશ્રી ઝવેરી સુજ્ઞ માણસ હોવાથી તેઓએ દસ મીનીટમાં આપ પાસે જે કંઇ સાંભળ્યું તેનો લાભ લેવા આપે આપના ભક્તો મારફત એક પ્રમાણપત્ર મેળવ્યું અને તે જાહેર છાપામાં મુકાવ્યું. શું ! આપ આવી રીતે સુજ્ઞ માણસો આગળ થોડા વખત માટે ડાહી ડમરી વાતો કરી પ્રમાણપત્રો એકઠાં કરી જૈન સમાજમાંથી આપે ગુમાવેલું સ્થાન મેળવવા તો નથી માગતા ને ? કે પછી કોઇ ઠેકાણે આવાં પ્રમાણપત્રો રજુ કરી મહા ઉપાધ્યાયની પદવી મેળવવાની ચાલબાજી રમો છો ? ભલેને આપ ગમે તેવી પદવીઓ મેળવો કે પ્રમાણ પત્રો ભેગાં કરો, પણ સમાજ તો આપના ઉપર ત્યારેજ વિશ્વાસ મુકશે કે જ્યારે આપ આપની વાણીમાંથી વેર ઝેર ને દ્વેષાગ્નિને તીલાંજલી આપી સુધરો ત્યારેજ સમાજમાં આપનું સ્થાન છે. બાકી ભલે આપના ગણ્યા ગાંઠ્યા ભક્તો ગમે તેટલાં બહુમાન કરે, તેની સમાજને કંઇએ પરવા નથી કે લેવાદેવી નથી.

તમે વારંવાર એમ ભાષણમાં ફુંકયાજ કરો છો કે હું શાસ્ત્રની આજ્ઞા સિવાય એક ડગલું પણ આગળ ચાલતો નથી. તો પછી તમારા માટે વિદ્વાન જૈનેતરોનાં પ્રમાણપત્રો મેળવી પેપરોમાં ફેલાવો કરાવવો એ પણ શાસ્ત્રના આધારેજ કર્તા હશો ?

થોડાજ દિવસોથી આપે અંધેરીમાં ઉપધાનની ક્રિયા કરાવવાનું શરૂ કર્યું છે. તેમાં પેસનારા ભાઇઓમાં એક ભાઇ શ્રી વિજય વલ્લભસૂરીના ભક્ત છે એમ આપને માલમ પડવાથી આપના હુકમનુસાર તે ભાઇને મેથીપાક જમાડી કહાડી મુકયા એ સાચું છે ? અને સત્ય હોય તો કયા શાસ્ત્રના આધારે તેમને વિદાય આપી તેમ લપડાક અને ઠોંસાશાહી ચલાવેલી ?

## શ્રી જૈન યુવક મંડળ.

અમારા મંડળની મીટીંગ તા૦ ૨-૧૨-૩૦ ના રોજ મળી હતી જેમાં નીચે મુજબ ઠરાવ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો છે. પરમાનંદ કુંવરજી કાપડીયા જેઓ સામાજીક તેમજ ધાર્મીક સુધારાના પ્રખર હિમાયતી તરીકે આખી જૈન સમાજમાં પંકાયેલા છે તેઓ અત્યારની ચાલુ ચળવળને અંગે રાષ્ટ્રીય સેવા કરતાં સરકારના મહેમાન બન્યા તે માટે અમારૂં મંડળ તેમને અભિનંદન આપે છે.

લી૦

ભાવનગર, તા૦ ૧૨-૧૨-૧૯૩૦. } શા. હરગોવન ગીરધર. સેક્રેટરી શ્રી જૈન યુવક મંડળ.

# નોંધ અને ચર્ચા.

**જુઠાણું–શ્રી જૈન ધર્મ પ્રસારક સભાનું કે વીરશાસનનું ?**

ભાવનગરની જુની અને જાણીતી જૈન સંસ્થા શ્રી જૈન ધર્મ પ્રસારક સભાના સંબંધમાં વીરશાસને તદ્દન કપોલ કલ્પીત સમાચાર ફેલાવ્યા તે પ્રસંગે અમોને ખાત્રી હતીજ કે આ સમાચાર તદ્દન ખોટા હોવાજ જોઇએ તે હકીકત સભાના મંત્રીનો સત્તાવાર કાગળ જે અમોએ પત્રિકાના તા૦ ૨૨-૯-૩૦ ના અંકમાં છાપ્યો છે તે ઉપરથી પુરવાર થઇ ગઇ છે. વીરશાસનથી તે વાત કઇ રીતે છુપાઇ શકે ? તેણે તા૦ ૧૭-૧૦-૩૦ ના અંકમાં શેઠ કુંવરજી આણંદજી તથા સભાના બીજા સભાસદોની વચ્ચે થયેલી વાતચીતનો હેવાલ પ્રસિદ્ધ કર્યો ને તે ઉપરથી સમાજને એમ ઠસાવવા પ્રયત્ન કર્યો કે પોતે પ્રગટ કરેલી હકીકત સત્ય હતી. એક સંસ્થા પોતાની મીટીંગ મેળવીને ઠરાવ કરે અને સભાના અમુક સભ્યો સાથે મળીને આપસ આપસમાં વાત કરે અગર કબુલાત કરે તે બને બાબતમાં વીરશાસનને ફેર લાગતોજ નથી. હવે સમાજ તેમની આવી વાતોથી છેતરાય તેમ નથી.

અમોને આશ્ચર્ય તો એ થાય છે કે સભાના રેકાર્ડ ઉપર જ્યાં અરજીની વાત આવી નથી તેમજ જે હકીકત અરજ કરનારના ખ્યાલમાં પણ નથી તે વીરશાસનના તંત્રીના ટેબલ ઉપર ક્યાંથી આવી ? વીરશાસનના એચ. ડી. શાહના જણાવવા મુજબ અરજ કરનારાઓ એમ માને છે કે સભાને અમો અમારીજ ગણીએ છીએ છતાં કુંવરજીભાઇને સભાની વતી બધી વાત નક્કી કરવાના હકદાર કેમ સ્વીકારે છે ? જૈન ધર્મ પ્રકાશમાં લેખો કોના લેવા કે ન લેવા તે નક્કી કરવાનો હક પ્રકાશના તંત્રીનો છે. પ્રકાશ સભાનું વાજીંત્ર હોય તો સભાની મીટીંગ મળી તંત્રીને ઉપર્યુક્ત બાબતનો ઠરાવ કરી જણાવે નહિ ત્યાં સુધી ઠરાવ થયો એમ કેમ કહી શકાય ? આવી સર્વ માન્ય પ્રણાલિકા દરેક સ્થળે છે. જૈન ધર્મ પ્રસારક સભાની મીટીંગ મળી નથી તે હકીકત તો વીર શાસનનો લેખક પણ કબુલ કરે છે તેમજ તંત્રીએ લેખકોને એમ પણ કહેલ નથી કે તમો લેખો મોકલશો તો લેવામાં આવશે નહિ. એટલે વીર શાસનની મૂળ હકીકત તદ્દન અસત્ય નીવડે છે.

વળી વીર શાસન જણાવે છે કે પ્રતિષ્ઠિત સ્થળેથી ખબર મળ્યા હતા. તેના ટેકામાં તા૦ ૨૧-૧૧-૩૦ ના અંકમાં જણાવે છે કે પ્રથમના ખબર આપનારે વીગતવાર હેવાલ મોકલ્યો. પ્રતિષ્ઠિત સ્થળ શું ? એચ. ડી. શાહ એ નામનું પ્રતિષ્ઠિ સ્થળ હોય ખરૂં ? ભાવનગરમાં એચ. ડી. શાહ નામના પ્રતિષ્ઠિત માણસ તો છેજ નહિ. માટે સ્થળ હોય તો વીર શાસનના તંત્રી જાણે. ખબર આપનારનું આખું નામ પ્રગટ થશે ત્યારે બધી સચાઇની ખબર પડી જશે. આગળ ચાલતાં તંત્રી લખે છે કે 'આ વાતચીત પણ એક વાત તો અવશ્ય પુરવાર કરે છે કે તે લેખોમાં ધર્મહીનતાનાં તત્વો હતા. આ પણ તંત્રીની નવી ગપ છે તેમના ખબરપત્રીના જણાવવા મુજબ ચોક્કસ માણસો ભેગા થયા હતા, તેમાંનો મોટો ભાગ અરજી કરનારમાંનો હતો. બાકી રહ્યા કુંવરજીભાઇ–વાતચીતનો આખો હેવાલ વાંચતાં કુંવરજીભાઇએ આ લેખોમાં ધર્મહીનતાના તત્વો હતા એમ સ્વીકાર્યું હોય તેમ જણાતું નથી. આતો તેના ખબરપત્રીના હેવાલ ઉપરથીજ પુરવાર થાય છે. બાકી કુંવરજીભાઇની ઇજ્જતની વીરશાસનને ચીંતા રાખવાની જરૂર નથી. ખરેખર કુંવરજીભાઇની ઇજ્જત જૈન સમાજમાં તેમની ધર્મ ભાવના અને ધાર્મિક જીવનને લીધે સંપૂર્ણ રીતે જળવાયેલી છે. ખાનગી વાતચીતના ઉકળાટ ભરેલા હેવાલો તેમાં ફેરફાર કરી શકે નહિ.

# દિક્ષાનું શાસ્ત્ર.

[ગતાંકથી ચાલુ.]

पंचिंदियसंवरणो तह नवविहबंभचेरगुत्तिधरो
चउव्विहकसायमुक्को इअ अट्ठारस गुणेहिं संजुत्तो ॥
पंचमहव्वयजुत्तो पंचविहायारपालणसमत्थो ।
पंचसमिओ तिगुत्तो छत्तीसगुणो गुरू मज्झ ॥

ગુરૂના સ્વરૂપને જણાવનારા ઉપરોક્ત સૂત્રથી અને તેના ભાવથી આપણે સૌ તો પરિચિત છીયે છતાંય કહું છું કે જેને આપણે ગુરૂ રૂપે ગણી માનીયે છીયે, પૂજીયે છીયે, અને એમનાં અક્ષરે વેણે આપણે એમની આજ્ઞા ઉઠાવવાને તૈયાર રહીયે છીયે તેઓની બરાબર ઓળખાણ તો હોવીજ જોઇયે ! સમુદ્રનો પ્રવાસી, નિઆમા (ખલાસી) જાતિમાં જન્મેલ પણ અણઘડ નિઆમાની હોડીમાં બેસે તો તેનું શું થાય ! આપણને તો એ પણ ખબર છે કે હરકોઇ દેશની સરકાર સ્ટીમરના રક્ષક (કેપ્ટન) નું પદ ગમે તે મનુષ્યને નથી આપતી; જો કે એ રક્ષકનો પોષાક આપણા કરતાં જુદો હોય છે તો પણ પોષાક માત્રથીજ તે પદ નથી મળતું; માટે આપણે સમજવું જોઇયે કે ધોળાં પીળાં કે ભગવાં વસ્ત્રને પહેરનાર કોઇ ભાઇ કે બેન ગુરૂપદને યોગ્ય ત્યારેજ હોઇ શકે કે જ્યારે તેમનામાં પાંચે ઇન્દ્રિયોને કબુમાં રાખવાનું બળ હોય; મરણાંત કષ્ટના પ્રસંગે પણ બ્રહ્મચર્યના પોષક નવે વાડને તેઓ સાચવી શકતા હોય; ક્રોધ, માન, માયા અને લોભ એ ચારે કષાયો જેમનામાં ઓછામાં ઓછા હોય; વળી જેઓ બોલવા માત્રથી નહિ, પણ પોતાના આચારો દ્વારા અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને ત્યાગનાં મહાવ્રતોના પ્રતિપાલક હોય; જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર આ પાંચ આચારોના પાલનમાં જેઓ દ્રઢ હોય, જેઓ પાંચ સમિતિને સેવતા હોય; વળી જેઓની ભાષા સત્ય અને મધુર હોય અને જેમના મન વચન અને શરીર કોઇ પણ પ્રકારની અસત્ પ્રવૃત્તિથી અપવિત્ર ન થયાં હોય એવો કોઇ પણ મનુષ્ય અથવા તો આ ગુણો માટે પ્રમાણિક પ્રયત્ન કરતો મનુષ્ય ગુરૂપદને યોગ્ય હોઇ શકે છે.

શાસ્ત્રકારો કેવા ડાહ્યા છે તે જુઓ તો ખરા! આપણે વેષ વેષ કરીએ છીયે પણ ઉપરના ગુરૂ લક્ષણ સૂત્રમાં છે ક્યાંયે છે વેષનું નામ ! આથી વેષનું અપમાન કરવા હું નથી ઇચ્છતો, પણ એટલું તો જરૂર કહું છું કે, કોઇ પણ દુકાનદાર પોતાની દુકાનને ભપકાબંધ રંગથી શણગારે અને સારામાં સારૂં પાટીયું મારે, છતાં તે દુકાનમાં સારો માલજ ન હોય અને દુકાનદાર પોતે અપ્રમાણિક અને ઠગ હોય તો શું એ પેઢી ચાલશે ખરી ? આમ છતાંય આપણે અવિવેકી બની આંખો મીંચીને કોઇના દોરાયા, દોરવાયા કરીએ અને અંતઃકરણથી સત્ય વિચારવા કે જાણવા કાંઇ પ્રયત્ન ન કરીયે તેમાં શાસ્ત્રનો શો દોષ ?

ભગવાન શ્રી મહાવીરે જણાવ્યું કે આ શ્રમણો ચાર વ્રતોનો નિયમ તો લેશે, પણ એમાં આવતા પરિગ્રહવિરમણમાં અબ્રહ્મત્યાગના સમાવેશને નહિ સમજે માટેજ એમણે ચારને બદલે પાંચ વ્રતનો ઉપદેશ કર્યો; અને અબ્રહ્મવિરમણને પણ એક મહાવ્રત તરીકે સમજાવ્યું. એજ પ્રમાણે આપણા પૂર્વાચાર્યોએ જાણ્યું કે, અદત્તાદાનવિરમણ વ્રતમાં છોકરાં ભગાડવાની પ્રવૃત્તિનો પણ ત્યાગ આવી જાય છે છતાં આવા કોઇક સાધુઓ ધર્મને બાને, સંયમને બાને કે શ્રી મહાવીરના શાસનની રક્ષાને બાને, છોકરાંને ભગાડવાની પ્રવૃત્તિને કે એવીજ બીજી કોઇ અનુચિત પ્રવૃત્તિ કરશે અને ભગવાનના ભેખની નીચે રહી એ પ્રવૃત્તિનું પણ વિધાન કરશે. માટેજ એમણે એવી જાતની વૃત્તિ કરનારાઓ માટે પ્રાયશ્ચિતનાં વિધાન કર્યાં છે અને કેવા પ્રકારના મનુષ્યો દીક્ષાને અયોગ્ય હોય છે તે પણ સવિસ્તર દર્શાવ્યું છે. આ રહ્યાં એ પ્રાયશ્ચિત્તનાં વિધાનઃ

इयाणि सेहनिप्फेडिया करेमाणो सहूयं वयं अयरइ । सेणो लब्भइ अइयंरत्तो ।

("સુઘોષા"માંથી.) (અપૂર્ણ.)

## જમાનાને ઓળખો.

સગીર ઉમરના બાળકોને ઉંધું ચીતુ સમજાવી નસાડી ભગાડી દીક્ષા આપી દેવાના બનતા કીસ્સાઓથી જૈન સમાજની છડેચોક ઘતર સમાજમાં નિંદા થઇ રહી છે. છતાં સગીર બાળકોને મુંડી નાંખવાનો ધંધો લઇ બેઠેલા રામ-સાગરની ટોળીએ હવે જમાનાને ઓળખવાની જરૂર છે, આ યુગમાં પોપશાહીનો જમાનો ચાલી ગયો છે. હવે તમારી ગમે તેવી લીલાઓ પછી મુલતાન મારવાડ કે પાલીતાણા ગમે તે નામે ઓળખાતી હોય કે બાળકોને નસાડવાની હોય કે ચારિત્રને દુષણ લગાડનારી ગમે તે હોય તેને આ જમાનામાં નહી ચલાવી લેવાય છતાં તમે ગોઠવણો કરવામાં હુશીયાર હોવાથી કદાચ ઉઘાડા પડતાં બચી જાઓ. પણ તમારી માફક બીજાઓને બાળકો સંતાડી મુંડી નાખવાની ટેવ પડે તો, તમને તો સહન કરવું ન પડે. કારણ કે તમારી પેઠે તેમને કામની ગોળીઓ વેરનારા મળે નહિ એટલે બિચારા રખડી પડે. આથી સગીરોને નસાડી ભગાડી મુંડી નાંખવાનો ધંધો લઇ બેઠેલાઓને વિનવિએ છીએ કે આવી રીતભાતમાંથી હાથ ઉઠાવી લઇ જૈન સમાજને, થતી નિંદામાંથી બચાવો.

ન્હાના ન્હાના ચેલકાઓની બહુજ મોહની લાગી હોય તો પારકા છોકરાને જતી કરવાનો ઇજારો રાખનાર પેલા તમારા ભગતોને મોક્ષ નથી જોઇતું ? તેને શું તેના બાળ બચ્ચાંને મોક્ષે નથી મોકલવા ? શાથી તેઓ હજુ પણ ગાડી, લાડી ને વાડીનો મોહ નથી છોડી શકતા ? શું ! તેમના ઉપર આપના ઉપદેશોની અસર નથી થતી ? કે પછી આપનું ટોળું મોટું કરવા ગરીબ માબાપોની ફીકીયો સમા નાદાન દીકરા, દીકરીઓને મુંડી નખાવવામાં મદદ કરવી તેનેજ મહત્તા સમજે છે.

લગાર જમાનાને, કાયદાને અને શાસ્ત્રને સમજો અને વિચારો અને સગીરોને, તેમ શાસ્ત્રે મનાઇ કરી છે તેવાઓને મુંડતા બંધ થશો તો સાધુઓને કોર્ટ દરબાર જવું પડે નહિ અને સમાજની નિંદા થાય નહિ.

આ પત્રિકા અંબાલાલ આર પટેલે 'સ્વદેશ' પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ માં છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ નં. ૧૯૮, ઘડાઇવાળા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ મધ્યેથી પ્રસિદ્ધ કરી છે.

કોન્ફરન્સની કાર્યપ્રગતિ. યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

# મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.


તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું. અંક ૫૨ મો. | સંવત ૧૯૮૭ ના પોષ સુદી ૯. તા૦ ૨૯-૧૨-૩૦ | છુટક નકલ: ૦ા આનો.

# શ્રી. સૂરીશ્વરજીનો સાચો કરાર.

## શ્રી. વિજયાનંદ સૂરીશ્વરજી (આત્મારામજી) એ અડતાળીસ વર્ષ ઊપર શેઠ દલપતભાઇ ભગુભાઇને લખેલ પત્ર.

### અયોગ્ય દિક્ષાના હિમાયતીઓ જરા મનનપૂર્વક વાંચજો ને વિચારજો.



#### તરજુમો.

સ્વસ્તીશ્રી અમદાવાદે શ્રાવક પુન્ય પ્રભાવક દેવગુરૂ ભક્તિકારક શેઠ દલપતભાઇ ભગુભાઇ સપરિવાર યોગ્ય લી૦ શહેર અંબાલાથી સાધુ આત્મારામની તરફથી ધર્મ લાભ વાંચજો. જત અત્રે દેવગુરૂ પસાયે સુખસાતા છે. આપ હમેશાં આનંદમાં રહો. મેં આપને આટલા દિવસ કાગળ નથી લખ્યો તેનું કારણ એ છે કે બે માણસ ઝાંઝડાના મારી પાસે લોદીહાને (લુધીઆના) રાત્રીના બે વાગે આવ્યા હતા. ને એ અવસરે કહેવા લાગ્યા કે અમારે દીક્ષા લેવી છે. જો તમે આપશો તો ઠીક છે નહિ તો અમે પોતે વેશ પહેરી લઇશું. કારણ કે અમારૂં આજનું મહુરત છે. તે વખતે મને તાવ આવતો હતો. ત્યારે તેમને સાધુઓએ વેશ આપી દીધો. પછી ત્યાંથી મેઝરે ગામમાં ગયા. ત્યાં આપનો કાગળ અંબાલા થઇને આવ્યો કે ઝાંઝડાવાળા તમારી પાસે આવ્યા હોય તો તેમને દીક્ષા આપતા નહી ત્યારે તો મને બહુજ લજ્જા આવી. મારા મનમાં એવી લજ્જા આવી કે શેઠજી લખે છે કે એમને દીક્ષા ન આપવી અને એમને તો દીક્ષા આપી દીધી. હવે હુ શેઠજીને શું જવાબ લખું. એ લજ્જાથી આપને કાગળ નથી લખ્યો. મહારા સદ્‌ગુરૂજી મહારાજ સ્વર્ગવાસ થયા તો પણ લજ્જાના લીધે કોઇપણ કાગળ ન લખ્યો, અને આપે તો મને નાલાયક જાણી કાગળ ન લખ્યો એ માટે આપ સાચા છો. પણ મારી નાલાયકી તરફ આપે ખ્યાલ ન કરવો જોઇએ. કેમકે હું......બુદ્ધિનો છું. શ્રી સદ્‌ગુરૂના સમાચાર મેં જાણવાવાળા પંજાબી ભાઇઓથી સાંભળ્યા છે. તેમ આપે કરેલ ઓચ્છવ સઘળુ સાંભળ્યું છે. આપ મને શ્રી શેત્રુંજયજીના સર્વ સમાચાર લખજો. સરકારની તરફથી શું ઠરાવ નક્કી થયો છે.

સં. ૧૯૩૯ બીજા શ્રાવણ સુદી ૯. લી૦ આત્મારામ.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

# કોન્ફરન્સની કાર્યપ્રગતિ.

આપણી જૈન કોન્ફરન્સનું શુભકાજ જુન્નેરની બેઠક પછી આગલા વરસોની સાથે સરખાવતાં સારા ઉત્સાહપૂર્વક ચલાવવામાં આવે છે તેને માટે રેસીડન્ટ જનરલ સેક્રેટરીઓને અમે ધન્યવાદ આપ્યા સિવાય રહી શકતા નથી. હવે શેઠ ભોટાલાલ પ્રેમજી સંકારણ છુટા થયા છે ને કમિટિએ તેમની કિંમતી સેવાની નોંધ લીધી છે ને રા. મોહનલાલ ભગવાનદાસ ઝવેરીની તેમની જગ્યાએ ચુંટણી કરવામાં આવી છે. તે બંધુ એક વખત કોન્ફરન્સના જનરલ સેક્રેટરી હતા. તેઓ શેઠ રણછોડભાઈની સાથે રહી કોન્ફરન્સનું કાર્ય વધારે સતેજ બનાવશે એવી અમો આશા રાખીયે છીએ. આમ થશે ને તેમ થશે તેવા ખ્યાલો કાર્ય શરૂ કરતાં વખતે રાખવાનો જમાનો નથી કોમની સેવામાં યોગ્ય ભોગ આપવા તત્પરતા દાખવી કાર્યપ્રણાલિકા આદરવી. તેજ વધારે ઉચિત છે. ફળ આવવાનું હશે તે મોડુ વહેલું પણ આવી રહેશે અને કરેલા પ્રયાસો નકામા જશે નહિ. સ્ટેન્ડીંગ કમિટિની ઘણી મિટિંગો આ સાલમાં મળી છે ને સભ્યોએ પણ રસપૂર્વક તેમાં ભાગ લીધો છે. કોઈ અપવાદની ખાતર બધાને દોષિત માનવાની જરૂર નથી. ગત કાળની સ્ખલના જેને માટે હાલના સેક્રેટરીઓ જવાબદાર નથી, તે અંગે ઘણી ટીકાઓ થઈ છે. હવે તે સવાલને વર્તમાનપત્રોમાં ચર્ચનારને અંગત દ્વેષ સિવાય બીજું કોઈ પ્રયોજન હોય તેવો સંભવ નથી અસ્તુ હાલ સુધી કેટલીક ખાસ સુચના કરવાની છે. આવતી બેઠક ભરવા સંબંધી સ્થળ નક્કી થાય તેને માટે પ્રયાસો કરવા. તે બાબતને અંગે બનેલી હકીકતમાંથી જનતાને જણાવવા લાયક માહીતી પ્રસિદ્ધ કરવી જોઈએ. (૨) જૈન યુગ હવે જલદી પાક્ષિક તરીકે પ્રગટ થાય તેમ સુચવીયે છીએ. (૩) પ્રાન્તિક સેક્રેટરીઓ જેની નીમણુંક જુન્નેરમાં કરવામાં આવી હતી. તે બધાઓએ હોદ્દા સ્વીકાર્યાં કે નહી. જેમણે હોદ્દા સ્વીકાર્યાં હોય તેમને સ્થાનિક કમિટિઓ નીમવા તથા પ્રાંતિક કમિટિ ગોઠવવા તેઓ પ્રયાસ કરે તેવા કાગળો લખવા જોઈએ ને તે પત્રવ્યવહારનું પરીણામ કાર્યવાહી સમિતિ પાસે યોગ્ય સમયે જાહેર થવું જોઈએ. કારણ કે જ્યાં સુધી સ્થાનિક કમિટિઓ નીમાશે નહિ ત્યાં સુધી કોન્ફરન્સના ઠરાવોનો અમલ કરાવવાનું બની શકશે નહિ. આ તકે અમોને જણાવતા આનંદ થાય છે કે ગોહેલવાડના પ્રાંતિક સેક્રેટરી રા. રા. જીવરાજભાઈએ આપણા સુપ્રસિદ્ધ આગેવાન શેઠ કુંવરજીભાઈનો સહકાર મેળવી ભાવનગરમાં સ્થાનિક કમિટિની રચના કરી છે તેમાં ભાવનગરના યુવાનોએ સારો સાથ આપ્યો છે યુવાન ઉત્સાહી વકીલ રા. ચત્રભુજ જેચંદ તે કમિટિના સેક્રેટરી નીમાયા છે. અમોને આશા છે કે ગોહેલવાડના બીજા શહેરોમાં સ્થાનિક કમિટિ નીમવાનો પ્રયાસ ચાલુ રહેશે ને પછી ગોહીલવાડ પ્રાંતિક કમિટિ ગોઠવાઈ જશે. હાલમાં કોન્ફરન્સના ઉપદેશક રા. અમૃતલાલ વાડીલાલ કાઠીઆવાડમાં કોન્ફરન્સનું પ્રચાર કાર્ય કરે છે તેમની મહેનતથી અને સ્થાનિક આગેવાનોના સહકારથી કાઠીઆવાડના દરેક પ્રાંતમાં કોન્ફરન્સની પ્રાંતિક કમિટિ ગોઠવાઈ જશે એવી અમો આશા રાખીએ છીએ.

# આપણી પ્રગતિનો અવરોધ.

લેખક : સર્વદમન.

વિશ્વના ઇતિહાસને ચોપડે જ્યારે જ્યારે અગણિત ધર્મયુધ્ધો, અંદર અંદરના વેરો, નાની મોટી તકરારો વિ. અસંખ્ય બનાવોની દુઃખદ કથની ધર્મ કારણેજ ઉદ્ભવી એવું આપણે વાંચીએ છીએ ત્યારે ઘડીભર નિરાશ મન એમ કહેવા પ્રેરે છે કે એ પ્રકારના ધર્મો આ આલમમાં નહોત તો જનતાને કશો ગેરફાયદો ન થાત. થોડા વખત અગાઉ સમાજવાદના સૂત્રધાર ફીમાવતી બર્ટાન્ડ રસેલે એક નિબંધ લખી આજના ધર્મ ઘતીંગોની ઠીક ઝાટકણી કાઢી છે. તેઓ માને છે કે 'આજનો ધર્મ અને તે ધર્મના કહેવાતા સત્તાધારીઓ સમાજને કશા હિતરૂપ નથીજ; ધર્મને નામે એ પાખંડીઓ આપખુદી, અન્યાય, દમન, અંધશ્રદ્ધા અને એવા અનેક પાખંડો સમાજ ઉપર ચલાવે છે' ઉપરનું કથન સર્વાંશે સત્ય છે. સંસ્કૃતિનાં જુદાં જુદાં પગથીયાં બદલતી માનવ જનતાના અનુભવ અને સંતશોધનરૂપે જે નીતિનું બંધારણ સમાજને મળ્યું તેજ ધર્મ; અને એ સતત પ્રવાહમાં નવાં નવાં ઝરણાંઓ ભળતાંજ રહ્યાં છે. જો આમ ન બન્યું હોત તો સમાજ આટલો રસ્તો નજ કાપી શક્યો હોત.

આજ આપણા જૈન સમાજમાં નવા અને જુના વિચારના ઘર્ષણ રૂપે જે તડખાઓ પડ્યાં છે અને પડે છે તે પ્રગતિનું શુભ ચિન્હ છે જો એક દુઃખદાયક બાબત તેમાં જણાતી હોય તો તે વિરોધી પક્ષોમાં રહેલી અસહિષ્ણુતાજ છે. પરંતુ આવાં અનેક ઘર્ષણો અત્યની સપાટી ઉપર થઈ ગયાં છે એટલે જૈન સમાજ દુનીયાને ચોપડે કંઈ નવી નોંધ નથી નોંધાવતો. અરે, એવા અકલ્પ્ય બનાવો બની ગયા છે કે જેની સમક્ષ આપણો મતભેદ તે 'ખારીસામાં પેલી પૂણી' તુલ્ય છે.

આપણા સુધારક પક્ષે અંધશ્રદ્ધા અને તેના મશાલધારીઓ સામે જે મોરચા માંડ્યા છે તે અત્યંત પ્રશંસનીય છે. આપણી (આપણા લોકોની) સામાન્ય, માનસિક વૃત્તિઓમાં જે ધાર્મિક બાબતો પ્રત્યેની સંકુચિતવૃત્તિ, ધર્મના વિશાળ અર્થ પ્રત્યેનો અણગમો અને દેહ અને જીવનને નિરસ વસ્તુઓ માની તેમને વેડફી દેવાના પ્રયત્નો વિ. વિ. અરૂચિકર તત્વોનું અસ્તિત્વ છે અને તેમાં ફેરફાર કરવા આજના યુવાન બંધુઓએ નવીન યુગની પ્રેરણા ઝીલી કંઈક પ્રયત્નો કરવા હામ ભીડી છે એ એક આશાનું કિરણ છે.

અત્યંત હાસ્યરૂપ અને તિરસ્કારણીય બાબત તો એ છે કે કહેવાતો 'શાસન પક્ષ' શાસનનાં મુળીયાં ઉખેડવા બેઠો છે. રાષ્ટ્રભક્તિ અને ધર્મ તે ઉભય વસ્તુઓમાં રહેલી પૂજ્યભાવનાનો તે ઉચ્છેદજ કરે છે. આત્માની કલ્પિત ઉચ્ચતાનાં ખણુગાં ફુંકી અને સંસારની અસારતા વિષે એકજ ચીલે ચાલી આવેલ ઉપદેશ કરી તે પક્ષ સમાજને સત્ય માર્ગે દોરવાનો ઢોંગ કરે છે. દેશકાળ, સમાજની આર્થિક પરિસ્થીતિ, સકળ વિશ્વની ભાવનાઓનું પરિવર્તન આ સર્વ નવીન સંજોગો સમાજના ઘડતરમાં કંઈક ભાગ ભજવે છે; અને સમાજની ઉદ્ધારક કહેવરાવનાર સંસ્થાએ ઉપરોક્ત વસ્તુસ્થીતિનો તોલ

વખતો વખત કરવાની પૂર્ણ જરૂરીઆત છે. પરંતુ ડુબતા માણસની પેઠે આજે એ પક્ષને ફાંફાં કેમ મારવાં પડે છે? બાહ્ય આડંબરો, ઉતરપીંઢી અને દેશકાળને અનુચિત રીતે ધનનો અઘટિત પ્રવાહ એ જો ધર્મધારી કહેવરાવવાનાં લક્ષણો હોય તો તે તેમને મુબારક છે. તે સાધનોથી તેઓ સમાજની લાંબી નિદ્રામાંથી ચેતન અને પુનર્જીવનનો પ્રાણ ફુંકવા માગતા હોય તો તે ઠીક છે. તેમણે આ નવો અનુભવ કરતાં પહેલાં એમની ફરીજ બુદ્ધિ અન્ય ધર્મોનો ઇતિહાસ વાંચી ઠીક રીતે વાપરવી ઘટે છે.

અને તેવી અહિતકારી સંસ્થાનો સામનો તેમને ઘટિતજ થવો જોઇએ, નહિં તો તેઓ એવી ગ્રંથીત, અને તરંગી સ્થીતિને ઉદ્ભવ આપે છે કે જે નુકશાન સમાજને ભારે થઇ પડે છે. આપણા જૈન સમાજમાં કેટલાક એવા બંધુઓનો મને પરિચય છે કે જેઓ અમુક પક્ષના હોઇ સામાપક્ષનું પ્રત્યક્ષ સત્ય આચરણ અવગણે છે. એ પક્ષવાદી હોવાની ભાવના આપણી પ્રગતિમાં અવરોધરૂપ છે. આપણે સમજુ પ્રાણી તરીકે ગુણગ્રાહી બનવું ઘટે છે. આ દ્વેષયુક્ત માનસિક સ્થીતિની પ્રેરણા ઘણીજ ભયંકર હોવી જોઇએ અને તેથીજ મારી ચોક્કસ માન્યતા છે કે જૈન સમાજે વિશ્વ-પ્રગતિમાં પોતાનો નમ્ર હિસ્સો આપવો હોય, જૈન સાહિત્યની અને જૈન સંસ્કૃતિની અમૃતધારા સમગ્ર પૃથ્વીપર ફેલાવવી હોય, અને અવનતિના માર્ગેથી આડા વળી કંઇક ગર્વહીન સાધન બનવું હોય તો વિશ્વસંસ્કૃતિના પૂજ્ય પ્રવાહમાં ભળી પોતાનો અવાજ પુરવો ઘટે છે. જૈન સમાજનો યુવાન વર્ગ તેનાં ઉચ્ચ આદર્શોને ફળીત કરવા મથતો હોય તો તેણે પ્રગતિનાં અવરોધી ગુણોને પ્રથમ ન્યાય આપી તે પછીજ તેમનાં પૂરવધે રચનાત્મક કાર્ય કરવા વીચરવાની જરૂર છે.

## પહોંચ યાને સ્વીકાર.

### અમૃત સરિતા ભાગ બીજો:

કર્તા મહાસુખભાઇ ચુનીલાલ વીસનગર—દીક્ષાની હાલની કેટલીક અયોગ્ય પધ્ધતિને ઉઘાડી પાડનાર આ પુસ્તકનો બીજો ભાગ અમોને મળ્યો હતો તેના સ્વીકારમાં થયેલી ઢીલને અંગે શેઠ મહાસુખભાઇની અમો ક્ષમા માગીએ છીએ. આ ગ્રંથનો બહોળો પ્રચાર થવાની જરૂર છે. કોઇ પણ જૈન બચ્ચો ભાગવતી દીક્ષાથી વિરૂદ્ધ હોઇ શકે નહિ ચાલુ કાળના ઘણા અનુચિત સાધનોથી તથા યુક્તિઓથી અપાતી દીક્ષા સામેનો પોકાર હજી બરોબર અસરકારક નીવડયો નથી. માટે આ પુસ્તક લહાણીરૂપે વહેંચનારા નીકળે તે જરૂરનું છે વિશેષ અવલોકન અનુકુળ સમયે

આ ગ્રંથ શ્રી જૈન યુવક સંઘની ઓફીસમાંથી મળી શકશે. કિંમત રૂ. ૧-૮-૦. યુવક સંઘના સભ્યો માટે રૂ. ૧-૪-૦.

**ભાવનગરના સમાચાર:** કોન્ફરન્સના ઉપદેશક અમૃતલાલ વાડીલાલ ભાવનગર આવેલા હતા તેમનું ભાષણ જૈન સમાજની ચાલુ પરિસ્થિતિ ઉપર શ્રી જૈન ધર્મ પ્રસારક સભાના હોલમાં રાખવામાં આવ્યું હતું. સારી સંખ્યામાં માણસો હાજર હતા વક્તાએ લગભગ એક કલાક સુધી ચાલુ પરિસ્થિતિનો સચોટ ખ્યાલ આપ્યો હતો ને છેવટે તે પરિસ્થિતિમાં સુધારો કરવા માટે કોન્ફરન્સની જેવી સંસ્થાની આવશ્યકતા ઉપર ભાર મૂક્યો હતો. ભાષણને અંતે કોન્ફરન્સના કાર્ય માટે કાયમી ગોઠવણ થાય તેની વિચારણા કરવા એક કામચલાઉ કમિટિ નીમવામાં આવી હતી તે કમિટિની એક મિટિંગ મળી હતી ને ભાવનગર માટે એક સ્થાનિક કમિટિ સ્થાપવાનું નક્કી થયું હતું. તે પછી સ્થાનિક કમિટિની એક મિટિંગ મળી હતી તે કમિટિના સેક્રેટરી તરીકે રા. ચત્રભુજ જેચંદ શાહ નીમાયા હતા. સુકૃત ભંડાર ફંડ ઉઘરાવવાનું શરૂ થયું છે. ત્યાંના પ્રાન્તિક સેક્રેટરી રા. રા. જીવરાજભાઇ વગેરેના પ્રયાસથી ફંડમાં સારો ફાળો થશે એવી આશા છે.

# સામાજીક અભ્યાસ.

અભ્યાસક: હેમચંદ લઘુભાઇ દોશી, જામનગરવાળા.

## સ્વતંત્ર સ્ત્રીશક્તિ.

"સ્ત્રી એટલે પ્રેરણા; પુરૂષ એટલે કાર્ય-વિજય; પ્રેમ એટલે પૂર્ણતા."

કોઇ પણ દેશની સંસ્કૃતિના વિકાસનો આધાર તે દેશની સ્ત્રી શક્તિના વિકાસ ઉપર અવલંબે છે. સ્ત્રીની પ્રેરણા વગરનાં પુરૂષોનાં બુદ્ધિબળ નિરંતર ભીખરાજ રહેશે. બુદ્ધિ વિકાસ ગૃહ સંસારની સબળતા અને સફળતા ઉપર આધાર રાખે છે. ઉપરનો લેખ વાંચતાં સહેજે થશે કે પુરૂષોને સ્ત્રી શક્તિ માટે આ બધું લખવાનો શું હક્ક છે? તે છુટ બદલ મ્હને દરગુજર કરવા વિનંતિ કરૂં છું.

મહાશય પોલ રીશાર કહે છે કે:

"Men have but for too long arrogated, the right not only to advise women, but also to decide for them and make them develope in the lines most favourable to their own selfish masculine interests."

(પુરૂષોએ અતિ લાંબો વખત સુધી સ્ત્રીઓને માત્ર સલાહ આપવાનોજ નહિં, પરંતુ તેમને માટે નિર્ણય કરવાનો અને પુરૂષોના સ્વાર્થ અને સગવડને પોષતી પધ્ધતિ એજ તેમનો વિકાસ કર્યો છે.) સ્ત્રીઓએ પણ ક્રમભાગ્યે પુરૂષોનો એ હક્ક ગુલામની માફક સ્થાપિત થવા દીધો છે. સ્ત્રીઓ કેદી કે ગુલામ જેવી મહાભારતના વખતથી થઇ ગઇ છે. પરંતુ હવે સ્ત્રીઓને સહેજે ગુલામી ફેંકી દેવાનો વખત આવ્યો હોય તેમ જણાય છે.

વિશ્વ આજ પ્રયત્નપૂર્વક પોતાના નવા આદર્શો સ્થાપિત કરવા આકાશ-પાતાળ એક કરી રહ્યું છે. જગતમાં નવિનજ પ્રવાહ વહેતો થયો છે. અને જુઓ! જ્યાં જ્યાં આ નવો પ્રવાહ શરૂ થયો છે ત્યાં ત્યાં સ્ત્રીઓ કૂદકે અને ભૂસકે આગળ વધી રહી છે. તેઓ રસ્તો ખુલ્લો કરી રહી છે. તેઓ પુરૂષોમાં શ્રદ્ધા અને હિંમત પુરતા જોશથી રેડી રહી છે. તેઓ ડગમગતી મહેલાતોને ટેકા-સબળ ટેકા-આપી રહી છે. જ્યાં જ્યાં પ્રજાઓ ઉન્નત થઇ છે ત્યાં ત્યાં ત્યાંની સ્ત્રીશક્તિ જાગૃત અને વિકસીત થઇ હોય છેજ. નવાં સર્જનની સર્વ કોઇ ભાવનાઓને સ્ત્રીઓનો ટેકો હશે તોજ નવું સર્જન શક્ય અને સ્થાયી થશે. ખરૂં સ્ત્રીત્વ એ કંઇ પશ્ચિમની માફક સ્ત્રીઓને પુરૂષો જેવી બનાવવાના મિથ્યા પ્રયત્નો નથી. (True feminism is not the masculinism of wamen) સ્વતંત્ર સ્ત્રીશક્તિ સિવાય સ્વાર્થ-ત્યાગી, સેવા પરાયણ સ્ત્રીશક્તિ અસંભવિત છે.

સ્ત્રીઓ પુરૂષને પૂજે કે પુરૂષો સ્ત્રીઓને પૂજે એ બન્ને પૂજા અનર્થકારક છે. કોઇએ કોઇને પૂજવાની જરૂર નથી. સ્ત્રી પુરૂષને આત્માના એક સ્વરૂપ તરીકે વ્યાજબી લાગે તો પૂજે. પુરૂષ સ્ત્રીને આત્માને એક સ્વરૂપ તરીકે વ્યાજબી લાગે તો પૂજે. **સમાજના માનવા ખાતર કે પ્રણાલીકા કે રૂઢીને ખાતર કોઇ કોઇને ન પૂજે.** ખરા દમ્પતિઓ ત્યારેજ પૃથ્વી ઉપર આવવા વિચાર કરશે. બાકી પશુઓ ઘણાએ છે.

સરળતા, સ્વચ્છતા અને સૌંદર્ય એ ત્રણે આદર્શ સ્ત્રીઓમાં કેળવવા યોગ્ય છે. માત્ર દેહપોષક અને દંભી આભૂષણો અધૂરાં છે. આવાં આભૂષણોથીજ સૌંદર્ય ખીલતું હોય તો એ માન્યતાજ ભૂલભરી છે. મન અને શરીરને ખરે-ખર! આલ્હાદક જરૂરીયાતોજ પોષવી જોઇએ; નહીં વિલાસ-ભોગોપભોગ-દા[illegible] અનિષ્ટ છે.

સ્વચ્છતાહિત આપણા જીવનમાંથી [illegible] સામાજીક બદીઓ ઉદ્ભવી છે તેનો વિચાર [illegible] આવે, આપણા ગંદવાડે અનહદ અનર્થો કર્યાં છે, પરમકૃપાળુ હવે તું હિંદને અસ્વચ્છતાથી બચાવ. શરીરને અંગે રહેતી અસ્વચ્છતા ક્ષંતવ્ય છે. પરંતુ છતાં સુખ [illegible] બધું માત્ર આળસને અંગે પણ ગૃહોમાં, શેરીઓમાં, શહેરોમાં કુત્સિત અસ્વચ્છતા પોષાય છે.

જગતની ઘણી બદીઓ સ્ત્રીઓનો હાથ પડતાં આપો-આપ અલ્પ સમયમાં દૂર થશે. રાજકીય લડતમાં સ્ત્રીઓનો હાથ પડતાંજ લડત અર્ધ સફળ તો થઇ ગઇ. સ્ત્રીઓ જે કોઇ કાર્ય હાથમાં ધરે છે તેમાં સહેજે દૃઢતા દૈવી તત્વ ઉમેરાતાં જણાય છે. સ્ત્રીઓના જાહેર જીવનમાં આવવાથી ઘણી સમાજસુધારો થઇ ગયો છે. હવે તો અધીરાજ બાકી રહ્યા છે.

મોટા ભાગના લેખકો અપવાદ સિવાય એમના સમયના સંસ્કારોથી આગળ નથી જઇ શકતા, કોઇક જવલ્લેજ બેચાર ડગલાં આગળ જતો દેખાય છે. પોતાના કાળની અસરથી સર્વથા મુક્ત લેખક હજી જોયો કે જાણ્યો નથી. ગુજરાતની સ્ત્રીશક્તિ આજે પ્રેરણા આપે એવી દેખાય છે. માટેજ સ્ત્રીશક્તિ અને સ્ત્રીસ્વાતંત્ર્યના પ્રશ્નો સહેજે ઘણી જગ્યાએથી થાય છે. સ્ત્રીઓ આજે સૌ કરતાં વધારે સ્વાતંત્ર્યને લાયક મનાય છે.

આપણી આસપાસ કચરાઇ જતું સ્ત્રીજીવન અને તેના બોજાને અંગે કચરાઇ જતું પુરૂષજીવન આપણે જોયું છે. એની ભયંકરતાથી આપણને કંટાળો પણ આવ્યો હશે. પરંતુ એ ભયંકરતા કાઢી નાખવાના સજ્જડ-સબળ-અડગ પ્રયત્નો હજુ થયા નથી. એ પ્રયત્નો કરવાનો હાલનો સર્વથી વધારે અનુકૂળ પ્રસંગ છે.

સ્ત્રીઓના હક્કનો સવાલ એક વખતે પશ્ચિમમાં અને હાલ પૂર્વમાં પુરૂષોને અપમાનકારક લાગે છે, અપવાદ નથીજ એમ કહી શકાય. પુરૂષો સ્ત્રીઓના હક્કનો સવાલ ઉપસ્થિતજ થવા દેતા નથી. નીરાધાર સ્ત્રીત્વથી ભરપૂર જીવન જીવવા કેળવાયેલાઓ પણ વિચાર ધરાવે છે. કેટલી દયાજનક સ્થિતિ!

કેટલીક સ્ત્રીઓ જુના બંધનો તોડવા મથે છે. પરંતુ નવી પરિસ્થિતિ સ્વીકારવા તત્પર નથી. આવી સ્ત્રીઓ સુંદર છે. પરંતુ દૃઢ કે મજબુત નજ કહેવાય. આવી સ્ત્રીઓમાં જોમ નથી એમ આપણને સહેજે લાગે છે. પરિસ્થિતિની સંજોગોની એ અધિષ્ઠાત્રી નથી થઇ શકતી. પરંતુ સંજોગો સાથે એ ઘસડાય છે. આવી નિર્બળતા ઉપર જવલંત પુરૂષો ચિડવાય પણ ખરા.

મધુર છતાં પ્રતાપી સ્ત્રીત્વ કવચિતજ નજરે પડે છે આવી જાતની કલ્પનામૂર્તિઓએ કેટલાએ યુવાનો, કેળવાયેલાઓ, કોલેજીઅનોને ચક્કરે ચઢાવ્યા છે, પોતાની જાતને સંપૂર્ણ માનનાર કેટલાયે કોલેજીયનો: "સુંદરી જેવી મ્હારી પત્નિ નથી" એ વિચારે જીવન ખારૂં કરી નાખે છે-વેડરી નાખે છે.

સ્ત્રીઓ માત્ર ભાવનામાં વસતી હતી તેમણે હવે બુદ્ધિ ક્ષેત્રમાં ને રાજકીય ક્ષેત્રમાં ઝુકાવ્યું છે. નિશ્ચયાત્મક બળવાળી સ્ત્રીઓ તો હાલ પણ ગણ્યાગાંઠ્યા પ્રમાણમાં મળી આવે છે. ભાવનાના પતિને પસંદ કરવાનું બળ એમનામાં છે. પરંતુ "આપણા આર્યજીવનની મહત્તા આદર્શને પાળવાનું બળ કેળવવા કરતાં આદર્શ રચી ન પળાય ત્યારે આત્મભોગ આપવામાં વધારે મનાઇ ગયું છે." કેટલીક સ્ત્રીઓ સહચરી થઇ શકે એવો વિચાર કરવામાં પણ ધૃષ્ટતા લાગે છે. એવી સ્ત્રીઓને તો દેવી તરિકેજ પૂજી શકાય. કલ્પનાના મધુર ઉડ્ડયનો પાસે તેવી સ્ત્રીઓને જીંદગીની અનિવાર્ય જરૂરીયાતોનું લેખું પણ ન હોય, એવું એ સૌંદર્ય બુદ્ધિની પૃથક્કરણ શક્તિને માટે નથી. સુંદર સ્વપ્ન સમા ઝળહળાટ હોય તો આપણને ઘેરે છે. આવી સ્ત્રીઓ હૃદયને આકર્ષતી નથી. પરંતુ વિચારને રહુરાવે છે.

ચમકારા કરતી ચતુરા કે જોડીલી ગૌરવભરી મુગ્ધા કે મદભરી દીલદારનાં અંતર સમજવાના પ્રયત્નો પણ અનેક પ્રસંગે નિષ્ફળ નિવડે છે. આવી નાયિકાઓ જગત્ સાથે પ્રત્યક્ષ સંબંધ બાંધવા કરતાં મન માનતા રીસ્તાની અધિષ્ઠાત્રીઓ થવાનું પસંદ કરે છે. એમને હૈડ દાબીને તીરસ્કારનાં બાણ ફેંકવા ગમે છે. મોહક છતાં પ્રતાપી, નિખાલ અને ગૌરવભરી સ્મિતવંત છતાં સ્વસ્થ એ આવી નાયિકાઓનાં ખાસ લક્ષણ હોય છે. એમનો મોહ અનિવાર્ય અને છતાં દુર્જેય હોય છે.

સર્વે કાર્યો એ પ્રેરણાદ્વારાજ કરાવી શકે છે. જે જુએ તેને છેતરે પણ એ છેતરી શકાય એવી ભોળી હોતી નથી. એનો તનમનાટ એના ઉછળતાં હૈયામાંથીજ પેદા થાય છે. એની તાત્કાલિક બુદ્ધિના પાશમાં એ બાંધી શકે એવી છે. પુરૂષોમાં પણ કોઇક જગ્યાએ આ જાતના ગુણો મળી આવે છે. પુરૂષો છેતરાય અને ન પણ છેતરાય, નિર્દય હોવા છતાં આઘાત ન પહોંચાડે એવી અને તિક્ષ્ણ હોવા છતાં એનાં પ્રતિ માનની ભાવના સહેજે થાય એવી સ્ત્રીઓ-સહેજે છેતરે છે. પરંતુ આવી સ્ત્રીઓ અનેકાનેકમાં એક હોય છે.

કેટલીક સ્ત્રીઓની બંડખોરવૃત્તિ-આત્માનો અવાજ આવિર્ભાવ-એને જોતાં સંયોગોની સરદારી બનાવે છે પુરૂષત્વના અહંને નમાવવાના અભિમાનભર્યાં પ્રયત્નો કર્યા વગર આવી સ્ત્રીઓને ચેન નથી પડતું. આવી સુંદરીઓનાં તિરસ્કારભર્યાં હાસ્ય, યોદ્ધાઓનાં માન મુકાવે છે શબ્દોના રણકારે કરતાં એમનાં કટાક્ષયુક્ત હાસ્યના ચમકાર વાતાવરણમાં વધારે મધુરતા પ્રસારે છે કહેણ છતાંએ કોમળ અને મીઠી છતાંએ પ્રતાપી સ્ત્રી દુર્લભ છે. એમની આંખ ફરે તો જગદંબા થઇ પ્રલય કરતાં એમને હાથ પણ વાર નથી લાગતી. આવી સ્ત્રીઓ માતા કરતાં શક્તિઓ કહેવાવાને વધારે યોગ્ય છે.

પરંતુ ગૌરવની સાથે સંયમ, વિલાસની સાથે વિકાસ, મંદતા સાથે ઉત્સાહિત મધુરતા-મુગ્ધત્વ એજ સ્ત્રીત્વ છે. સ્ત્રી-પુરૂષમાં સહચારની સનાતન ભુખ છે. સૌંદર્ય ઉપર આત્મા રીઝવવાની ભક્તિભાવના છે કેટલીયે મહાપુરુષોની મહત્તાથી મોહાઇ, પુરૂષો ગમે તેવી પોતાની જાતને ઉચ્ચ અને શક્તિસંપન્ન માનતાં છતાં-ભક્તિપૂર્વક પૂજા કરે છે સ્ત્રી સુલક્ષણ-કૃતજ્ઞતાની પણ શાહી છે. "न स्त्री स्वातंत्र्य अर्हति" કહેવાનો કાળ ગયો છે. એમ કહેનાર ને સાંભળનાર પણ રહ્યા નથી. સ્ત્રીશક્તિ સહેજે આરાધ્ય થઇ છે.

આ પત્રિકા અંબાલાલ આર. પટેલે 'સ્વદેશ' પ્રિન્ટીંગ પ્રેસ, બાબા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ માં છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ નં. ૧૮૮, ચઢાઇવાળા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ મધેથી પ્રસિદ્ધ કરી છે.